ગુજરાતી ઈમેગેઝીન •વર્ષ 2 • અંક: 76 • તારીખ: ૨૩ થી 30 નવેમ્બર, 2018

# વાતાયન

તંત્રી : ડૉ. ધીમંત પુરોહિત



## અમદાવાદ કે કર્ણાવતી ?

www.newzviewz.com

ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 2 • અંકઃ 76 • તારીખઃ ૨૩ થી 30 નવેમ્બર, 2018

# વાતાયન

'Vatayan' is our tribute to the
legendary Gujarati Writer Chandrakant Baxi

તંત્રીઃ ડો.ધીમંત પુરોહિત

## સાંકળિયું


1 તંત્રી સ્થાનેથી ડો.ધીમંત પુરોહિત

•

2 સુબ્રમણ્યન સ્વામીએ છેડ્યો હતો
અમદાવાદના કર્ણાવતી નામ અંગેનો વિવાદ - પ્રવીણ ઘમંડે

3 ઐતિહાસિક સ્થળનાં નામ બદલવાની ઇચ્છા અને ઘેલછા અને રાજકારણ - રાહુલ પાડા

4 અમદાવાદ કે કર્ણાવતી ? પ્રજા પણ આ મુદ્દે વહેંચાઈ ગઈ છે - અમુલખ અમદાવાદી

5 નામના વિવાદ જાતિવાદ તરફ જઈ રહ્યો છેઃ કેટલાક લોકો અમદાવાદ કે કર્ણાવતી નહીં
પણ "આશાવલ"ની તરફેણ કરે છે - અનંત દવે

6 આ "નામાયણ" આપણને ક્યાં લઈ જશે? - કેશવ

7 અમદાવાદ કે કર્ણાવતી ? કર્ણાવતી કે આશાપલ્લી ? - મકરંદ મેહતા

8 નામ વિવાદ; અમદાવાદને અભડાવે છે, કર્ણાવતીને કચડે છે - ભાર્ગવ પરીખ

•

9 અમદાવાદનો ઇતિહાસ સન 1850 સુધીનો - લેખકઃ મગનલાલ વખતચંદ શેઠ

10 ગુજરાતનું પાટનગર અમદાવાદ : બૃહદ - લેખક : રત્નમણિરાવ ભીમરાવ

11 અમદાવાદ : ગુજરાતનું પાટનગર : સંક્ષિપ્ત - લેખક : રત્નમણિરાવ ભીમરાવ

12 અમદાવાદ સર્વસંગ્રહ - સંપાદક : કપિલરાય મ. મહેતા



• પ્રકાશકઃ ડો.ધીમંત પુરોહિત, www.newzviewz.com

• આપની કૃતિ મોકલવા માટે ઈમેલ એડ્રેસ :

dhimantaajtak@gmail.com

• અવલોકન માટે પુસ્તક મોકલવાનું સરનામું :

Communicators, 509, Shivalik High Street, near Mansi Circle,
Vastrapur, Ahmedabad : 380015. Mobile : +91 98798 10101

મેગેઝીન ડિઝાઈનઃ હર્ષલ ગિલ્ડર



# અમદાવાદ બતાવું ચાલો!

## તંત્રી સ્થાનેથી ડો.ધીમંત પુરોહિત

અમદાવાદને માથેથી એક મોટી ઘાત ગઈ. એનું નામ ફરી એક વાર અમદાવાદમાંથી કર્ણાવતી થતા થતા રહી ગયું. આમ તો જો કે ચાના કપમાંના વાવાઝોડા જેવી વાત હતી, પણ આપણે જે નાજુક સમયમાં જીવીએ છીએ, એમાં વાવાઝોડું ક્યારે કપમાંથી બહાર નીકળી આવે એનું કાઈ નક્કી નહિ.

વાતની શરૂઆત કૈક આ રીતે થઇ. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉત્તરપ્રદેશમાં ભાગ્યે જ જોવા મળે એવી ઝડપથી અલ્હાબાદનું નામ પ્રયાગરાજ અને ફૈઝાબાદનું અયોધ્યા કરી નાખ્યું. યોગી સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે ગુજરાત આવ્યા ત્યારે અમદાવાદના ટીવી પત્રકારોને કર્ણાવતીવાલી જૂની વાત યાદ આવી. એમણે હાથે ચઢી ગયેલા ગુજરાતના ઉપ મુખ્યમંત્રી નીતિન પટેલને પૂછ્યું, તમે યોગીની જેમ અમદાવાદનું કર્ણાવતી કરશો? નીતિન પટેલ ના થોડી પાડી શકે, એમણે કહ્યું, કરશું. આમ ટીવી પર વાત શરુ થઇ. બાદમાં બેસતા વરસે અમદાવાદમાં ભદ્રકાલી મંદિરે દર્શન કરવા પહોચેલા મુખ્યમંત્રી ઝડપાઈ ગયા. ટીવી પત્રકારોએ કેમેરા અને માઈક સામે ધરીને પૂછ્યું, ક્યારે કરશો કર્ણાવતી? રૂપાણી ઉવાચ – 2019 પહેલા કરી દેશું. હવે છાપાઓ પણ કુદી પડ્યા અને ટીવી ચેનલોને તો ગરમાગરમ ડીબેટ માટેનો મસાલો મળી ગયો.

બીજેપીવાળા આ પ્રયાસ ૧૯૯૮મા પણ નિષ્ફળતાપૂર્વક કરી ચુક્યા છે અને છતાં હજી એમના લેટરપેડ ઉપર અને વાતચીતમાં પણ અમદાવાદ માટે કર્ણાવતી વાપરે છે. એમાં આપણને કોઈ વાંધો પણ નાં હોવો જોઈએ. જૈનો એમના ગ્રંથો અને વાતચીતમાં અમદાવાદ માટે રાજનગર વાપરે છે. એમાં પણ આપણને કોઈ વાંધો નાં હોય. કોઈને જો ઝુમરીતલૈયા વાપરવું હોય તોયે વાપરે. લોકશાહીમાં આપણને એનો કોઈ વાંધો નાં હોઈ શકે. હા, કાયદેસર નામ બદલવાનું હોય, તો ચોક્કસ વાંધો હોય.

બીજા કોઈ વાદ વિવાદમાં પડ્યા વગર જો તાર્કિક રીતે કહીએ તો, અમદાવાદને દેશનાં સર્વપ્રથમ હેરીટેજ સીટીનો યુનેસ્કો એવોર્ડ અમદાવાદ તરીકેના હેરીટેજ માટે મળ્યો છે. મ્યુનીસીપલ કોર્પોરેશને યુનેસ્કોને કરેલી અરજીનાં ડોસીયરમાં આશાવલ કે કર્ણાવતીનાં કોઈ કરતા કોઈ જ સ્મારકોનો ઉલ્લેખ નથી. અમદાવાદના નામે હેરીટેજ સિટી બની ગયા પછે હવે ગાડી રીવર્સમાં લેવાનો કોઈ જ રસ્તો નથી. આ વાત બીજેપીમાં બેઠેલા સમજે છે એ સારી વાત છે.

જો કે જેટલી ઝડપે આ ઉભરો ચઢેલો એના કરતા વધુ ઝડપે ઉભરો ઉતારી પણ ગયો અને મીડિયા તથા લોકો કર્ણાવતીને ભૂલીને બીજા નવા મુદ્દા પર ચઢી ગયા. આપના દેશમાં મુદ્દાઓની ખોટ ક્યા છે? આપણે ત્યાં મીડિયામાં કેવા કેવા મુદ્દા ઉછળે છે, ચગડોળે ચઢે છે અને ચઢાવે છે અને પછી કેવી રીતે ખોવાઈ પણ જાય છે, એનું આ ક્લાસિક ઉદાહરણ છે. જો કે આખા મામલામાં એક પોઝીટીવ વાત એ બની, કે એ બહાને અમદાવાદના ઇતિહાસની ચર્ચા થઇ.



'વાતાયન'નાં આ વિશેષાંકમાં પણ અમે અમદાવાદના ઇતિહાસને જ યાદ કર્યો છે. અમારા લેખો ઉપરાંત, એમાં ઈતિહાસ પર ઓથોરીટી મકરંદ મેહતા, તથા મિત્ર પત્રકાર ભાર્ગવ પરીખ ના લેખો  છે. તદુપરાંત અમારી આર્કાઇવ્સમાંથી અમદાવાદના ઈતિહાસ પરના ત્રણ સૌથી મહત્વપૂર્ણ આધારભૂત ગ્રંથો 1851માં મગનલાલ વખતચંદે લખેલો 'અમદાવાદનો ઈતિહાસ', 1929 અને 1953માં રત્નમણીરાવ ભીમરાવે લખેલા 'ગુજરાતનું પાટનગર અમદાવાદ' તથા 1948મા કપિલરાય મહેતા સંપાદિત 'અમદાવાદ સર્વ સંગ્રહ'માંથી આ વિષયના પ્રકરણો 'વાતાયન'નાં વાચકોને રેફરન્સ  માટે આપ્યા છે.

# સુબ્રમણ્યન સ્વામીએ છેડ્યો હતો અમદાવાદના કર્ણાવતી નામ અંગેનો વિવાદ

- પ્રવીણ ઘમંડે

ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે તેમના રાજ્યમાં કેટલાક નામો બદલવાની શરૂઆત કરી ત્યારથી આખા દેશમાં સ્થળ અને ગામો-શહેરોનાં નામો અંગે વિવાદ ચાલી રહ્યો છે. અને દેખીતી રીતે તેમાંથી અમદાવાદ પણ બાકાત નથી રહ્યું. અમદાવાદનું નામ કર્ણાવતી હોવું જોઇએ એવો પલીતો ચાંપનાર ગુજરાત ભાજપે ત્યારપછી એવું મૌન સેવી લીધું છે કે શહેરના લોકોને કંઈ સમજાતું જ નથી કે હિન્દુ રાષ્ટ્રની વાતો કરનાર ભાજપ ખરેખર કરવા શું માગે છે. આ જ કારણે કદાચ ભાજપના રાષ્ટ્રીય નેતા સુબ્રમણ્યમ્ સ્વામીએ જુલાઈ મહિનામાં અમદાવાદનું નામ કર્ણાવતી હોવું જોઇતું હતું, પરંતુ તેવું થયું નહીં તેમ જણાવીને વિવાદનો મધપૂડો છંછેડ્યો હતો. ખરેખર તો આ માટે ગુજરાતીઓ નહીં, પરંતુ ખુદ શહેરના ભાજપના શાસકો જવાબદાર છે, કેમ કે આ શાસકોએ અમદાવાદનું નામ કર્ણાવતી કરવાના પોતાના જૂના ઠરાવને સિફતપૂર્વક અભરાઇએ ચઢાવ્યો છે એટલું જ નહીં, પરંતુ ભાજપના જ શાસનકાળમાં વર્ષ ૨૦૧૧માં શહેરની અમદાવાદ તરીકે સ્થાપનાનાં ૬૦૦ વર્ષની મ્યુનિસિપલ સત્તાવાળાઓ દ્વારા દબદબાભેર ઉજવણી કરાઇ હતી.

આમ તો અમદાવાદની સ્થાપના માટે ઇતિહાસકારો રાજા કર્ણદેવને પણ ગૌરવપૂર્ણ સ્થાન આપે છે. આશાપલ્લીના ભીલરાજા આશાવલને રાજા કર્ણદેવે પરાસ્ત કર્યા બાદ ૧૩મી શતાબ્દીમાં કર્ણાવતીની સ્થાપના કરી હતી, જોકે વર્ષ ૧૪૧૧માં સુલતાન અહમદશાહ બાદશાહે પોતાના નામથી અહમદઆબાદ નગર વસાવ્યું હતું, જે કાળક્રમે અહમદાબાદ બન્યું હતું. જોકે મે-૧૯૯૦માં તત્કાલીન મ્યુનિસિપલ સત્તાધીશો દ્વારા પહેલી વખત અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી કરવાનો ઠરાવ મ્યુનિસિપલ બોર્ડમાં મંજૂર કરાયો હતો. વર્ષ ૨૦૧૪માં મુંબઇ, ચેન્નઇ સહિતના દેશનાં જાણીતાં શહેરોનાં નામ બદલાયાં તે વખતે અમદાવાદનું નામ કર્ણાવતી થશે તેવી ચર્ચા ઊઠી હતી, પરંતુ તત્કાલીન રાજ્ય સરકાર દ્વારા અમદાવાદના નામ પરિવર્તનને લગતા કેન્દ્રમાં મોકલાવેલા ઠરાવને તત્કાલીન કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી અપાઇ ન હતી. આ મામલો જે તે સમય ખૂબ ગાજ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વર્ષ ૨૦૦૦થી ૨૦૦૫ના કોંગ્રેસના શાસનકાળમાં કોંગ્રેસના શાસકોએ વર્ષ ૨૦૦૨માં કર્ણાવતીના જૂના ઠરાવને રદ કરતો નવો ઠરાવ મ્યુનિસિપલ વોર્ડમાં પસાર કરાવ્યો હતો, જેમાં અમદાવાદનું નામ જાળવી રાખવાનો ઉલ્લેખ કરાયો હતો.

જોકે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છેક વર્ષ ૨૦૦૫થી સતત ત્રણ-ત્રણ ટર્મથી ભાજપ સત્તાસ્થાને ચૂંટાઇ આવ્યો છે, પરંતુ ભાજપના સત્તાધીશોને આજદિન સુધી કર્ણાવતીના જૂના ઠરાવની યાદ આવી નથી. એ વાત જુદી છે કે ભાજપના કોર્પોરેટરો, શહેર ભાજપના પદાધિકારીઓ વગેરે પોતાના લેટરહેડ કે પોતાની મિટિંગોમાં છાશવારે અમદાવાદનો ઉલ્લેખ કર્ણાવતી મહાનગર તરીકે કરતા રહ્યા છે. તંત્ર દ્વારા

અહમદાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એવું નામકરણ કરાયું છે, પરંતુ અમદાવાદનું કર્ણાવતી કરવાની તસ્દી ભાજપ કે ભાજપનાં અન્ય સંગઠનો દ્વારા લેવાઇ નથી. એક સમયે તો શહેરીજનોના માનસપટ પર કર્ણાવતીનો મુદ્દો એટલી હદે છવાયો હતો કે આ બાબત સંવેદનશીલ બનીને કોર્ટે ચડી હતી. તત્કાલીન અમદાવાદના ગાંધીનગરના સંસદસભ્ય અને પૂર્વ નાયબ વડા પ્રધાન એલ.કે. અડવાણીએ અમદાવાદનું નામ બદલવાના કંઇક પ્રયાસ કર્યા હતા. અલબત્ત, ગઇ કાલે સુબ્રમણ્યમ્ સ્વામીએ અમદાવાદનું નામ કર્ણાવતી હોવું જોઇએ તેમ ભારપૂર્વક જણાવતાં આ વિવાદ પુનઃ ઊઠ્યો છે.



દરમ્યાન બિહારના મુગલસરાઇ રેલવે સ્ટેશનનું નામ બદલીને દીનદયાળ ઉપાધ્યાય કરાતાં આ નામકરણ લોકોમાં ભારે ચર્ચાસ્પદ બન્યું હતું. મ્યુનિસિપલ ભાજપનાં વર્તુળો કહે છે, હવે જ્યારે રાજ્યમાં અને કેન્દ્રમાં ભાજપનું શાસન છે અને દિલ્હીમાં સત્તા પ્રાપ્ત કર્યે પક્ષને ચાર વર્ષ પૂરાં થયાં છે તો લોકોના હૃદયને સીધી રીતે સ્પર્શતા અમદાવાદનું કર્ણાવતી કરવાના વિષયને સત્તાધીશોએ ગંભીરતાથી હાથ પર લેવો જોઇએ અને જેમ બને તેમ જલ્દી અમદાવાદનું નામ બદલી કર્ણાવતી કરવું જોઇએ. અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી કરવા અંગે શહેરનાં મેયર બીજલબહેન પટેલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અમૂલ ભટ્ટ કાંઇક અંશે અનુકૂળ વલણ ધરાવે છે. બીજલબહેન પટેલ કહે છે, અમારા પક્ષના રાષ્ટ્રીય નેતા સુબ્રમણ્યમ્ સ્વામીનું નિવેદન મારા ધ્યાનમાં આવ્યું છે. આ મુદ્દે ચોક્કસ પક્ષના મોવડીમંડળ સાથે ચર્ચા કરીશ અને જેમાં નવેસરથી ઠરાવ લાવવા અંગેનો નિર્ણય લેવાશે. જ્યારે અમૂલ ભટ્ટ કહે છે, આજે જ જૂના ઠરાવને જોવડાવી લઉં છું. જૂના ઠરાવ જોયા બાદ આગળની કાર્યવાહી કરાશે.

# ઐતિહાસિક સ્થળનાં નામ બદલવાની ઇચ્છા અને ઘેલછા અને રાજકારણ

- રાહુલ પાડા

ગુજરાતમાં અમદાવાદને બાદ કરતાં બીજાં ગામ કે શહેરોનાં નામને લગતા વિવાદ નથી. 'અહમદાબાદ'માંથી 'અમદાવાદ' બનેલા શહેરનું નામ 'કર્ણાવતી' કરવાની વાત અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ભાજપનું રાજ આવ્યું ત્યારે શરૂ થઈ હતી અને હવે કેન્દ્ર સરકારમાં ભાજપની બહુમતી છે. અમદાવાદ વર્લ્ડ હેરિટેજ સિટી બની ચૂક્યું છે. પણ તેનું નામ કર્ણાવતી થયું નથી. કેમકે, અભ્યાસીઓના મતે અમદાવાદનું સૌથી પહેલું નામ 'આશાવલ' હતું. એટલે સૌથી પહેલું નામ રાખવું હોય તો કદાચ 'આશાવલ' રાખવાનું થાય.

નામ બદલવાની ઇચ્છા પાછળ મૂળિયાં સુધી પહોંચવાની તાલાવેલી અને સાંસ્કૃતિક વારસો ફરી અંકે કરવાની ઉત્સુકતામાંથી સંકુચિત-પ્રાંતવાદી કે અંતિમવાદી રાજકારણ પણ કારણભૂત હોઈ શકે છે. હમણાં કેન્દ્ર સરકારે મુગલસરાઈ સ્ટેશનનું નામ બદલીને તેની સાથે દીનદયાળ ઉપાધ્યાયનું નામ જોડવાની ઉત્તર પ્રદેશના ભાજપી મુખ્યમંત્રીની દરખાસ્તને મંજૂરી આપી. તેના પગલે રાજ્યસભામાં સમાજવાદી પક્ષના કેટલાક ધારાસભ્યોએ વાંધો ઉઠાવ્યો. બહુજન સમાજ પક્ષના સભ્યો પણ તેમની સાથે જોડાયા. ભાજપના સભ્યે મુંબઈના 'વિક્ટોરિયા ટર્મિનસ'નું નામ બદલીને 'છત્રપતિ શિવાજી ટર્મિનસ' કરવામાં આવ્યું હતું તેનું ઉદાહરણ ટાંક્યું. સહેજ વધારે સ્મૃતિ કસી હોત તો તે 'બૉમ્બે'નું 'મુંબઈ' થયું અને એવી રીતે દક્ષિણ ભારતનાં ઘણાં શહેરોનાં નામ બદલાયાં (જેમ કે મદ્રાસનું ચેન્નાઈ, બેંગલોરનું બેંગલુરુ, ત્રિવેન્દ્રમનું તિરુવન્તપુરમ્) તેના દાખલા પણ આપી શકાયા હોત. નામબદલા પાછળનો મુખ્ય તર્ક હતો કે અંગ્રેજ શાસકોએ તેમની જીભની મર્યાદાને અનુલક્ષીને મૂળ નામોમાં બગાડા કર્યા હતા. તેમનું રાજ ગયા પછી તેમને સુધારી લેવાવા જોઈએ. ગુજરાતમાં બ્રૉચનું ભરૂચ, કૈરાનું ખેડા અને કેમ્બેનું ખંભાત સહજતાથી થઈ ગયાં, કારણ કે અંગ્રેજશાઈ ઉચ્ચારો ફક્ત અંગ્રેજો અને રેલવેમાં નોકરી કરતા કેટલાક લોકો સિવાય સામાન્ય લોકોના મોઢે ચઢ્યા હતા. વડોદરા અને બરોડા બન્ને હજુ ચાલે છે.

બીજી તરફ, ગુડગાંવનું ગુરુગ્રામ કરવામાં સંસ્કૃતિ અને અસ્મિતાના રાજકીય અર્થઘટનનો પ્રશ્ન આવે છે અને ઔરંગઝેબ રોડનું નામ અબ્દુલ કલામ રોડ કરવામાં કોઈ વાંધો પાડી શકે એવી રાજકીય ચબરાકી જણાઈ આવે છે. ભાજપ અને શિવ સેનાથી માંડીને અસ્મિતાને રાજકીય મુદ્દો બનાવતા તમામ રાજકીય પક્ષો માટે નામબદલા લોકોની લાગણી આંદોલિત કરવાનું મહત્ત્વનું ઓજાર પુરવાર થાય છે. તોપણ ઘણી વાર તેની સાથે જોડાયેલી રાજકીય ગણતરીઓ આખી પ્રક્રિયાને સંદેહાસ્પદ અને ઉશ્કેરણીજનક બનાવે છે.



નામબદલાનું રાજકારણ ફક્ત ભારતમાં નહીં, પાકિસ્તાનમાં પણ જોવા મળે છે. ભારતથી અલગ થયેલા પાકિસ્તાનનાં લાહોર-કરાચી જેવાં શહેરોમાં હિંદુ વસ્તી અને હિંદુ નામો ધરાવતા ઘણા વિસ્તારો હતા. પરંતુ ઇસ્લામી દેશ એવા પાકિસ્તાનની 'અસ્મિતા'નો ખ્યાલ રાખીને લાહોરના કૃષ્ણનગરને 'ઇસ્લામપુર' બનાવી દેવાયું અને કરાચીના 'રામબાગ'ને 'આરામબાગ'નું નામ આપી દેવાયું. લાહોરમાં આવેલા જૈન મંદિર ચોકને બાબરી મસ્જિદ ધ્વંસનો બદલો લેવા માટે (ત્યાંનું જિનાલય તોડીને) 'બાબરી મસ્જિદ ચોક'નું નામ અપાયું છે, તો અમદાવાદમાં 2002માં હુલ્લડિયા હનુમાનની સ્થાપનાને પણ યાદ કરી લેવા જેવી છે. અસ્મિતા કે સંસ્કૃતિની સમજ બે પ્રકારની હોય છેઃ એક પ્રકાર બીજાનો વિરોધ કર્યા વિના કે બીજા પ્રત્યે શત્રુવટ પ્રેર્યા વિના, સાંસ્કૃતિક વારસો પુનઃપ્રાપ્ત હોય છે, જ્યારે બીજી રાજકીય 'અસ્મિતા'માં સાંસ્કૃતિક વારસો ગૌણ અને વેરઝેર પ્રેરવાનું મુખ્ય હોય છે.

# અમદાવાદ કે કર્ણાવતી ?
# પ્રજા પણ આ મુદ્દે વહેંચાઈ ગઈ છે

- અમુલખ અમદાવાદી



અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી કરવાને લઈને હાલમાં ભારે વિવાદ ઉભો થયો છે. પ્રતિદિવસે અમદાવાદના નામને બદલવાને લઈને રાજકારણીઓના નિવેદનો આવતા હોય છે. હાલમાં જ વિશ્વ હિન્દુ પરિષદે પણ અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી કરવાની તરફેણ કરી છે. તેવામાં એક તરફ અમદાવાદના નામ બદલવાને લઈને વિરોધ ચાલી રહ્યો છે. આ બધા શોરબકોર અને વિરોધ વચ્ચે અમદાવાદના એક વકીલે વિરોધ નોંધાવતા અમદાવાદનું નામ યથાવત રાખવા ઓનલાઈન પીટિશન ફાઈલ કરી અભિયાન શરૂ કર્યું છે. આ પીટિશનને ત્રણ દિવસમાં જ ભારે પ્રતિસાદ સાંપડયો છે.

જોકે સામે પક્ષે કર્ણાવતીની તરફેણ કરનારા પણ અનેક  લોકોએ ઑનલાઇન પિટિશન શરૂ કરી છે એટલું જ નહીં પરંતુ પોતાને રાષ્ટ્રવાદી ગણાવતા વૉટ્સએપ, ફેસબુક, ટ્વિટર સહિત અન્ય સોશિયલ મીડિયા ઉપર કર્ણાવતીની તરફેણમાં પ્રચંડ અભિયાન ચલાવી રહ્યા છે.

અમદાવાદ નામ શહેરીજનોની એક ઓળખ બની ગઈ છે. આ નામ યથાવત રહે તે માટે અમદાવાદના વકીલ બંદીશ સોપારકરે ઓનલાઈન પિટિશન ફાઈલ કરી નામ નહિ બદલવા વિરોધ દર્શાવ્યો છે. અલગ અલગ વેબસાઈટ પર ઓનલાઈન પીટીશન




કરી લોકોનો અભિપ્રાય મેળવતા ત્રણ દિવસમાં જ નામ યથાવત રાખવામાં આવે તેવો પ્રતિસાદ જોવા મળ્યો છે. આ વકીલ દ્વારા વેબસાઈટ પર ફાઈલ કરાયેલી પીટિશનમાં અમદાવાદનો ઐતિહાસિક આધાર રજૂ કરીને તેનું નામ ન બદલવા જનમત માંગવામા આવી રહ્યો છે. સોમવારની સાંજ સુધીમાં જ 12 હજારથી વધુ સોશિયલ મીડિયાના યૂઝર્સે અમદાવાદનું નામ કર્ણાવતી ન કરવા મુખ્યમંત્રીને વિનંતી કરતા પત્રને સમર્થન આપ્યું છે.

આ ઓનલાઈન પીટિશનરે અમદાવાદનું નામ ન બદલાય તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતીન પટેલને પણ પત્ર લખ્યા છે. આ પીટિશનમાં ત્રણ મુદ્દાઓ પર ભાર મુકાયો છે. જેમાં સરકાર પાસે સોશિયલ અને ઈકોનોમીકને લગતા કરવા માટે ઘણા અગત્યના કામો છે. સરકાર માટે નામ કરણ જેવું કામ ના હોવું જોઈએ સાથે સાથે અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી કરવું તે સંવિધાનની વિરુદ્ધ છે. તેમજ જો નામ બદલવું જરૂરી હોય તો સરકારે તેનો કોઈ પુરાવો લોકો સમક્ષ રજુ કર્યો નથી. આ તમામ મુદ્દાઓ આ ઓનલાઈન પીટિશનમાં ઉલ્લેખ કરાયો છે.

# નામના વિવાદ જાતિવાદ તરફ જઈ રહ્યો છેઃ કેટલાક લોકો અમદાવાદ કે કર્ણાવતી નહીં પણ "આશાવલ"ની તરફેણ કરે છે

- અનંત દવે

એવું લાગે છે કે અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી કરવાની હિલચાલે ગુજરાતમાં વધુ એક વખત જાતિવાદી ઝેર રોપી દીધાં છે. કેટલાક વર્ગ આ મુદ્દે હવે આશા ભીલને વચ્ચે લાવીને એવી દલીલ કરી રહ્યા છે કે જો નામ બદલવું જ હોય તો આશાપલ્લી અથવા આશાવલ રાખવું જોઇએ, કેમ કે તેનો ઉલ્લેખ ઇતિહાસમાં મળે છે એટલું જ નહીં પરંતુ શહેરમાં આજે પણ આશા ભીલનો ટેકરો છે. અમદાવાદનું નામ બદલવાની માગ પહેલીવાર જ્યારે થઇ હતી ત્યાર બાદ સાબરમતીમાં ઘણુંય પાણી વહી ગયું. હાલમાં જ અમદાવાદને યુનેસ્કોનું વર્લ્ડ હેરિટેજ સ્ટેટસ મળ્યું છે. હવે આ વૈશ્વિક ધરોહર ગણાતા અમદાવાદની પ્રપોઝલ યુનેસ્કોને સત્તાધીશોએ 1411માં આ શહેર અહમદશાહ બાદશાહે વસાવેલું  તેવા દસ્તાવેજો જોડીને કરી હતી. જોકે, વૈશ્વિક ધરોહરનું આ સ્ટેટસ જાળવી રાખવા માટે 2019માં યુનેસ્કોનું ઇન્સ્પેક્શન પણ આવશે. પરંતુ સ્થાનિક અને રાજ્ય સરકારનાં સત્તાધીશોએ નામ બદલવાની આ ઝુંબેશ હાથમાં લીધી છે. કોઇ પણ શહેરનું નામ એ ત્યાં રહેતા લોકો, સમાજ અને સંસ્કૃતિનું પ્રતીક હોય છે. અમદાવાદી તરીકે ઓળખાતા આ શહેરનાં નાગરિકોની જિંદગીમાં શહેરનું નામ જોડાયેલું છે.

હવે અમદાવાદનું નામ કર્ણાવતી રાખવા બાબતે કેટલાક ઐતિહાસિક તથ્યો તપાસીએ. અમદાવાદનાં પરના પુસ્તક રત્નમણિરાવ જોટેએ લખેલું ગુજરાતનું પાટનગર અમદાવાદ છે. તેમાં ઇતિહાસકાર લખે છે કે, કર્ણદેવે આશાવલનું નામ બદલી કર્ણાવતી રાખ્યું. છતાં તે પછી ઘણાં કાળ સુધી આશાવલ અને કર્ણાવતી બંને નામોનાં ઉલ્લેખો ઉપલબ્ધ થાય છે. આની ફૂટનોટમાં જોટે લખે છે કે, કોછરવા એ જ કોચરબ પાલડી અને તેથી કર્ણાવતી અગર આશાવલ સામે કિનારે હશે એમ પણ કેટલાક માને છે. અને બંને જુદા હોય એમ પણ કેટલાક માને છે. કોઇ સારી વસતિનાં બે શહેરો પાસે પાસે હોઇ શકતા નથી એમ ભૂગોળવિદ્યાનાં વિદ્વાનોનું માનવું છે. કોછરબ એ કોઇ ભીલ દેવી જણાય છે અને કર્ણાવતી અગર આશાવલને સામે કિનારે તેનું મંદિર કર્યું હોય તેમ સંભવ છે. પ્રબંધચિંતામણીના આ ઉતારામાં કોચરબ અને જ્યન્તીદેવીનો સ્પષ્ટ નિર્દેશ છે. પરંતુ કર્ણેશ્વર અને કર્ણસાગર માટે ભ્રમ થાય એવું છે. કર્ણસાગર તળાવ હાલ ચાણસ્મા તાલુકાના કણસાગર ગામ પાસે પુરાયેલું પડ્યું છે. તેથી કર્ણેશ્વર પણ એના જ તીરે હશે.

અમદાવાદમાં કર્ણેશ્વર કે કર્ણમુક્તેશ્વર અને કાંકરિયું તે મૂળ કર્ણસાગર ધારવા માટે કંઇ કારણ નથી. એવું પણ કહેવામાં આવે છે કે કર્ણાવતી અને આશાવલ બંને નગરો અલગ સ્થળે હતા. કર્ણાવતી કે આશાપલ્લી કે આશાવલ નગરનું નામ બદલીને

અહમદશાહે અમદાવાદ નહતું કર્યું. તથ્યો એવું કહે છે કે તેણે આ નગરોની પાસે મોટી ખુલ્લી જગ્યામાં મોટું શહેર વસાવ્યું હતું. આમ અહમદશાહે વસાવેલું અમદાવાદ એ માત્ર નામબદલો ન હતો. અમદાવાદ અહમદ શાહે 1411માં વસાવ્યું હતું અને તેનો ઉલ્લેખ મીરાતે સિકંદરી અને મિરાતે અહમદીમાં સ્પષ્ટ રીતે કરેલો છે. બીજી વાત જોટે એવી પણ નોંધે છે કે આશાભીલને કર્ણદેવે હરાવ્યો હતો અને પછી આશાવલનું નામ કર્ણાવતી રાખ્યું હતું. તો પછી ત્યારબાદ સેંકડો વર્ષ પછી અહમદશાહનાં સમયમાં ફરીથી આશાભીલ ક્યાંથી આવી ગયો. આમ તે વખતનાં તવારીખકારોએ જૂની વાર્તાને અમદાવાદની સ્થાપના સાથે જોડવાથી ગોટાળો થયો છે.આ ઉપરાંત કર્ણાવતી નામને સાબિત કરે તેવા ઐતિહાસિક પુરાવાની પણ મોટી ખોટ છે.

### અમદાવાદનો ખરો અર્થ ‘જેનામાં મદ કે વાદ નથી એવો પુરુષ’

જોટે અમદાવાદનાં જનસમાજની વાત કરતા લખે છે કે, એક અમદાવાદી કવિએ સંસ્કૃતમાં કાવ્ય લખ્યું છે. કાવ્યનાં શબ્દો પરથી જાણે ગુજરાતી હોય એમ લાગી આવે છે પણ ગુજરાતીમાં એના કોઇ અર્થ થતો નથી. અને સંસ્કૃતમાં બરોબર અર્થ બેસે છે. એ કાવ્યમાં કવિએ અમદાવાદ શબ્દ વાપર્યો છે. એનો અર્થ ખરી રીતે અમદાવાદ શહેર એવો નથી થતો પણ જેનામાં મદ અને વાદ નથી એવો પુરુષ એવો અર્થ થાય છે. અમદાવાદ શબ્દનો આ અર્થ આપણે બરોબર તપાસીએ તો અમદાવાદને બંધ બેસે છે અને અમદાવાદના સામાજિક જીવનની એ કુંચી છે એ એની વિશિષ્ટતા છે.

### અમદાવાદ એટલે શાંતિ, સમાધાન, રચનાત્મકતા

જોટે અમદાવાદી શબ્દ લઇને લખે છે કે, અમદાવાદમાં મદ નથી. પોતાની આર્થિક સ્થિતિનો એને ગર્વ નથી. એનો નશો પણ અમદાવાદને નથી ચઢેલો. અમદાવાદમાં વાદ-તકરારી સ્વભાવ પણ નથી. તકરારનું શાંતિથી સમાધાન કરવું એ તો અમદાવાદનો ખાસ ગુણ છે. અમદાવાદ એટલે શાંતિ, સમાધાન, રચનાત્મકતા. હિંદુ-મુસલમાન સમાધાન એ બંનેના સ્થાપત્યોની પેઠે જીવનમાં પણ અમદાવાદે સાધ્યું છે. અને હાલમાં વર્લ્ડ હેરિટેજ સ્ટેટસ શહેરને મળ્યું તેમાં પણ આ નોખા સ્થાપત્યોનો મોટો ફાળો છે.

# આ "નામાયણ" આપણને ક્યાં લઈ જશે?

- કેશવ

- ભારતમાં એકાએક શહેર કે સ્થળનાં નામ બદલવાની મોસમ શરૂ થઈ ગઈ છે. આમ તો આ પ્રક્રિયા છેક મોગલકાળથી શરૂ થઈને સપ્ટેમ્બર 2018 સુધી ચાલુ હતી, પણ કોઇને વાંધો નહોતો અને હવે અનેકને વાંધો છે...પણ કેમ?

સત્તાધારી ભાજપ અને વિવાદોની કુંડળી એક જ હોય એવું લાગે છે. ભાજપનું કોઈ પગલું વિવાદ વિના નથી હોતું, અથવા કહો કે વિવાદ હોય ત્યાં ભાજપની હાજરી હોય છે..! આ માટેનું સીધું કારણ એ છે કે ભાજપને એક ચોક્કસ ધાર્મિક સમુદાયના પક્ષ તરીકે જોવામાં આવે છે, અને સામે બાકીના તમામ પક્ષોને સર્વધર્મ સમભાવના પ્રતીક ગણવામાં આવે છે. અલબત્ત, આ ધારણાની વાસ્તવિકતા સાપેક્ષ છે-રિલેટિવ છે. અને કદાચ એટલે જ શહેરો કે સ્થળનાં નામ બદલવાની હાલની પ્રક્રિયા વિવાદે ચઢી છે – એ બધે ઠેકાણે હાલ ભાજપ હાજર છે..!

મુદ્દો અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી કરવું કે નહીં તેનો છે. આ મુદ્દે હાલ ગુજરાતની અને ખાસ અમદાવાદની પ્રજા તેમજ રાજકારણીઓ ત્રણ ભાગમાં વહેંચાઈ ગયા છે. એક ભાગ નામ તાત્કાલિક બદલીને કર્ણાવતી કરી દેવાની તરફેણમાં છે, તો બીજો ભાગ તેની વિરુદ્ધમાં છે. અને ત્રીજા ભાગને કશો ફેર પડતો નથી. આ ત્રીજો ભાગ ઘણી મોટી સંખ્યામાં છે. તેઓ એમ માને છે કે શહેરનું નામ અમદાવાદ હોય કે કર્ણાવતી – શું ફેર પડે છે? તેમનું વલણ આવું નિસ્પૃહ હોય એ સ્વાભાવિક છે, કેમ કે તેમના રોજિંદા જીવનના પ્રશ્નો આ "નામાયણ" થી ઉકેલાવાના નથી.

આ "નામાયણ" માટેના રાજકારણને અલગ રાખીને કર્ણાવતી-અમદાવાદ-કર્ણાવતીના ઇતિહાસ અને ભૂગોળની ચર્ચા કરીશું તો અસમંજસમાં હોય એ લોકોને થોડી વધારે સ્પષ્ટતા મળી શકશે. નોંધાયેલા ઇતિહાસ પ્રમાણે આ શહેર 600 વર્ષનું છે. લોકવાયકા પ્રમાણે 'જબ કુત્તે પર સસ્સા આયા, તબ બાદશાહને શહર બસાયા'. તો સવાલ પહેલો, બાદશાહ સસલાની હિંમતથી પ્રભાવિત થયો હતો અને તેને આધારે અહીંના માણસોની હિંમતની કલ્પના કરી હતી. આમ તાર્કિક રીતે અહીં ગામ હતું. અને એ ગામનું કોઈ નામ પણ હશેને! શું હતું એ નામ? આશાપલ્લી? આશાવલ? કે પછી કર્ણાવતી? શું એવું શક્ય નથી કે આશાપલ્લી અને કર્ણાવતી નજીક-નજીકનાં અથવા સાબરમતી નદીની બંને તરફ આવેલાં બે અલગ ગામ હોય? આશા ભીલ અને કરણદેવ કોણ હતા?

સવાલ બીજો, બાદશાહે શહેર વસાવ્યું હતું કે પછી આક્રમણ કરીને કબજો કર્યો હતો? અહમદશાહે જો શહેર "વસાવ્યું" હતું તો સાવ સ્વાભાવિક છે કે તેણે સૌથી પહેલું કોઈ ઇસ્લામિક સ્થાપત્ય જ સ્થાપ્યું હોય... તો એ ક્યાં છે? સૌથી મુખ્ય સવાલ – અહમદશાહે શહેર વસાવ્યા બાદ શું માત્ર હિન્દુઓને અહીં લાવીને વસાવ્યા હતા? કે પછી પહેલેથી જ સુખી-સમૃદ્ધ હિન્દુઓ જ્યાં મોટી સંખ્યામાં હતા એવાં ગામો ઉપર આક્રમણથી કબજો કરીને પછી નામ બદલ્યું હશે?

આ અને આવા તમામ સવાલોના જવાબ બધાને ખબર જ છે. ઇતિહાસનાં પાઠ્યપુસ્તકો દ્વારા ભલે બધા એવું ભણ્યા હોય કે આક્રમણ કરીને લૂંટફાટ કરવા આવેલા મોગલો મહાન અને સેક્યુલર હતા, પરંતુ સાથે જ બધા અંતઃપુર્વક પોતાનાં વેદ, પુરાણ, રામાયણ અને મહાભારતથી પણ પરિચિત છે. પેઢી દર-પેઢી આપણી સાથે જ વહેતા રહેલા આ સાંસ્કૃતિક વારસાને કારણે આપણે જાણીએ છીએ કે એ કાળમાં હજુ ઇસ્લામનું નામોનિશાન નહોતું. પરિણામે જે નામ હતાં એ આપણાં પોતાના હતાં. છતાં કોઇક કાળે, કોઇક રીતે એ નામો બદલાઈને કાંતો અહમદાબાદ અને મહેમદાબાદ થયાં હશે.

હવે એ નામો ફરીથી બદલીને મૂળ નામો કરવાથી શું થશે? આક્રમણ અને દમન અને હિંસા પહેલાંનો ઇતિહાસ આપણને પાછો મળશે? દેખીતું છે આશા ભીલ અને કરણદેવ તો આપણને પાછા નહીં મળે. પણ હા, એક વર્ગને સંતોષની લાગણી જરૂર થશે. તો અન્ય વર્ગને અસંતોષ થશે. પણ તો પછી જે વર્ગને અસંતોષ થશે એ વર્ગે છ સદી પહેલાં આશાવલ કે કર્ણાવતીનું અહમદાબાદ થયું ત્યારે જે વર્ગને દુઃખ થયું હશે તેની લાગણીનો વિચાર કર્યો હશે ખરો? કોની લાગણી વધારે અગત્યની – મૂળ નિવાસીઓની કે આક્રમણ કરનાર બાદશાહોની? આક્રમણ, હિંસા, લૂંટફાટ, મંદિરોનો વિધ્વંસ, બળજબરી પૂર્વકનાં ધર્માંતર, નામોની બદલી – એવા કોઇપણ મુદ્દે જેમને પણ આશંકા હોય તેઓ પોતે મિરાત-એ-સિકંદરી પુસ્તક વાંચવું જોઈએ. આ પુસ્તક 1914માં પ્રકાશિત થયું હતું. તેમાં લેખક સિકંદરે (1553) પૂરી નિષ્ઠા અને હિંમતપૂર્વક મુસ્લિમ બાદશાહોના આક્રમણ, હિંસા અને લૂંટફાટનાં વર્ણન કર્યાં છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની વિનંતીથી મૂળ ફારસીમાંથી મિરાત-એ-સિકંદરી (સિંકદરનો અરીસો)નો ગુજરાતી અનુવાદ ભરુચના આત્મારામ મોતીરામ દીવાનજીએ કર્યો છે.

આમ છતાં, જે લોકોને હજુ પણ આશાવલ કે કર્ણાવતી વિશે આશંકા હોય તેમણે પ્રસિદ્ધ ગરબો "એકે લાલ દરવાજે તંબુ તોણિયા રે લોલ... કે વહુ તમે ના જશો જોવાને ત્યાં બાદશો બડો મીજાજી..." વારંવાર સાંભળવો જોઈએ, તેના એક એક શબ્દનું અર્થઘટન કરવાનો પ્રયાસ કરવો જોઈએ. કમનસીબે આજ સુધી મોટાભાગના લોકો આ ગરબાને અન્ય ગરબાની જેમ ગાતા-સાંભળતા રહ્યા છે, પણ હવે સાંભળો ત્યારે તેની એક એક પંક્તિનું અર્થઘટન કરશો તો આશાવલ કે કર્ણાવતીની લાગણી આપોઆપ તમારા અંતરમાંથી બહાર ઉછળવા લાગશે.



હાલ જે કંઈ વિવાદ ચાલી રહ્યો છે અથવા સામાજિક વાતાવરણ બગડશે એવો માહોલ ઊભો કરવામાં આવી રહ્યો છે તેની પાછળ દેખીતી રીતે રાજકારણ જવાબદાર છે. અઢી દાયકા પહેલાં અમદાવાદનું નામ બદલવાની દરખાસ્ત કરનાર અને ઠરાવ કરનાર ભાજપ ત્યારપછી એકાએક કુંભકર્ણ નિંદ્રામાં સરી પડ્યો હતો જે હવે એકાએક જાગીને "કર્ણાવતી – કર્ણાવતી" કરવા લાગ્યો છે. દેખીતી રીતે તેને તેની 'હિન્દુ વોટબેંક' ની ચિંતા થવા લાગી છે, અને એટલે ભાજપ નામ બદલવાનાં ડાકલાં ધૂણાવે એ સ્વાભાવિક છે. તો સામે કોંગ્રેસને પણ તેની 70 વર્ષ જૂની 'મુસ્લિમ વોટબેંક' ને નારાજ કરવાનું પોષાય નહીં, અને એટલે કોંગ્રેસ નામ બદલવાની દરખાસ્તને ટેકો ન આપે એ સ્વાભાવિક છે. આ બધાની વચ્ચે વળી પોતાને સેક્યુલર – તટસ્થ ગણાવતા બુદ્ધિજીવીઓ "હેરિટેજ" શહેરનો મુદ્દો લઈ આવ્યા છે. અમદાવાદ અને કર્ણાવતી બંને

(1) તરફેણ કરનારા, (2) વિરોધ કરનારા અને (3) હેરિટેજ લોબીના ત્રિભેટે ઊભા છે. હવે શું થશે? આ "નામાયણ" આપણને ક્યાં લઈ જશે?

# અમદાવાદ કે કર્ણાવતી ?
# કર્ણાવતી કે આશાપલ્લી ?

- મકરન્દ મહેતા

વિશ્વપ્રસિધ્ધ જૈન વિદ્વાન કલિકાલસર્વજ્ઞા હેમચંદ્રાચાર્ય  કર્ણદેવ તેમનાં પુત્ર સિધ્ધરાજ જયસિંહ અને કુમારપાળના સમયમાં થઇ ગયા હોવા છતાં એમણે 'કર્ણાવતી' શબ્દનો ઉલ્લેખ જ કર્યો નથી

જ્યારે નિશ્ચિત વિચારસરણીને પુષ્ટ બનાવવાના હેતુથી નગરો, રસ્તાઓ, મહોલ્લાઓ અને જાહેર ઈમારતોનાં નામ બદલવાના પ્રયાસો થાય છે ત્યારે સદીઓથી ચાલી આવેલી પરંપરાઓ  અને સમગ્ર પ્રજાનાં જીવન સાથે ઓતપ્રોત થએલાં નામો ઉપર રીતસરનો બળાત્કાર થાય છે.

આવાં કારણોસર એવો પ્રશ્ન ઉભો થાય છે કે અમદાવાદ નગરને 'કર્ણાવતી'માં પલટવામાં કયું લોજીક છે ? કયું ઐતિહાસિક સત્ય છે? ઈ.સ. ૧૪૧૧માં અમદાવાદની સ્થાપના થયા બાદ ઝવેરીવાડમાં રહેતા અમદાવાદનાં નગરશેઠ અને વ્યાપારી મહાજનોનાં વડા શાંતિદાસ ઝવેરીથી (૧૫૮૫-૧૬૬૦) માંડીને ગુજરાતનાં મિલ ઉદ્યોગનાં સ્થાપક અને અમદાવાદ મ્યુનિસિપાલિટીનાં પ્રથમ હિંદી પ્રમુખ રણછોડલાલ છોટાલાલ (૧૮૨૦-૧૮૯૮) તેમજ ગાંધીજી તથા સરદાર વલ્લભભાઈ પટેલ જેવા સમર્થ રાષ્ટ્રવાદી નેતાઓને અમદાવાદનું નામ બદલવાનો વિચાર પણ ના આવ્યો તો પછી આજે "આપણી સંસ્કૃતિ" (હિંદુ સંસ્કૃતિ)ને નામે આપણાં કાન ફાડી નાંખે એટલા મોટા અવાજે 'કર્ણાવતી', 'કર્ણાવતી'નો પ્રોપેગેન્ડા કેમ કરવામાં આવે છે તે મને એક વ્યવસાઈ અને અનુભવી ઈતિહાસકાર તરીકે સમજાતું નથી.

હું કોઈ પોલિટીશ્યન નથી કે બી.જે.પી.નો વિરોધી નથી. મારા જેવા લાખો અમદાવાદીઓ અને ગુજરાતીઓ રાજકીય પક્ષોથી ઉપરવટ થઈને પ્રજાનો અને તેમાં પણ ગરીબો અને વંચિતોનો વિકાસ કરતી આઈડીયોલોજીને ટેકો આપતા હોય છે. આ સંદર્ભમાં આ લેખ અત્રે પ્રસ્તુત છે.

નામાભિધાનની દરખાસ્તઃ "નવા સૂચિત દિલ્હી રાજ્યનું નવું નામ ઈન્દ્રપ્રસ્થ કે હસ્તિનાપુર?..."

આ બાબતમાં ગુજરાત સમાચારે તેનાં ૩૦ જુલાઈ, ૧૯૯૮ના અંકમાં નીચેનો લેખ પ્રગટ કરીને પહેલ કરી હતી  "નવા સૂચિત દિલ્હી રાજ્યનું નવું નામ ઈન્દ્રપ્રસ્થ કે હસ્તિનાપુર?..." 'સીડી' નામાભિધાનની પણ દરખાસ્ત  મુંબઈ, ચેન્નાઈ અને કર્ણાવતીનાં પગલે પાટનગરનાં નામાંતરની પણ હિલચાલ." તે સમયે

ભારતનાં વડાપ્રધાન અટલ બિહારી વાજપેઈ હતા, ગુજરાતનાં મુખ્ય પ્રધાન કેશુભાઈ પટેલ હતા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં પ્રમુખ (અમદાવાદ નગરનાં મેયર) લાલજીભાઈ પરમાર હતા. ત્રણેય નેતાઓ ભારતીય જનતા પક્ષનાં પ્રવર્તકો હતા.

તે સમયે ગુજરાત સમાચારનાં તંત્રી શાંતિલાલ અમૃતલાલ શાહ હતા. તેઓ તે સમયે ઈન્ડિયન ન્યૂઝપેપર સોસાયટીનાં ચેરમેન હતા. તે સમયનાં અંકોનો અભ્યાસ કરતાં એક વાત સ્પષ્ટ થાય છે કે શાંતિલાલ શાહે પક્ષાપક્ષીથી દૂર રહીને એક નીડર પત્રકાર તરીકે લોકમત ઘડયો હતો. તેમની દેખરેખ હેઠળ ગુજરાત સમાચારે ઉપરોક્ત લેખ પ્રસિધ્ધ કર્યો હતો.

આજે તો પત્રકારની ભૂમિકા ખૂબ 'ક્રીટીકલ', જવાબદારી ભરેલી છે. 'અમદાવાદ' કે 'કર્ણાવતી'નો પ્રશ્ન સામાન્ય પ્રજાજનો સુધી પહોંચાડવાની આ વાત છે. તેમાં હઠાગ્રહો કે દુરાગ્રહો ના ચાલે. અમદાવાદ તો વળી શરૂઆતથી જ અત્યંત વ્યવહારલક્ષી નગર તરીકે વિકસ્યું છે.

કર્ણાવતી કાલ્પનિક નગરી હતી તે ક્ષણિક જીવંત રહી

ઠોસ ઐતિહાસીક સાધન સામગ્રીને આધારે જો જોઈએ તો અહમદશાહ બાદશાહે ૧૪૧૧માં અમદાવાદ વસાવ્યું તે સમયે તેની સમીપમાં આશાવલ/આશાપલ્લી નામનું ભીલ નગર સાબરમતી નદીનાં તટ પર આવ્યું હતું. આશાવલ નવમા સૈકામાં ભીલ કીંગડમ તરીકે શરૂ થયું હતું. તે સમયે ખંભાત ગુજરાતનું ધીકતું આંતરરાષ્ટ્રીય બંદર હતું.

આશાવલ એક મીલીટરી કેન્ટોનમેન્ટ તરીકે શરૂ થયું હતું અને તે સ્તંભતીર્થ (ખંભાત), અનુકુલેશ્વર (અંકલેશ્વર), અણહીલપટ્ટન (અણહીલપુર પાટણ), આનંદપુર (વડનગર), ખેટક (ખેડા), ગીરીનગર (ગીરનાર), ગોધ્રક (ગોધરા), દર્ભાવતી (ડભોઈ), ધવલક્ક (ધોળકા), દધીચીપુરા (ડભોઈ), દ્વારવતી (દ્વારકા), નવસારીકા (નવસારી), ભરૂકચ્છ (ભરૂચ) અને વટપદ્રપુરા (વડોદરા) જેવા ગુજરાતનાં ઉત્પાદક નગરો અને ગામો સાથે સંકળાયું હતું.

ગુજરાત જ્યારે અત્યંત સમૃધ્ધ હતું તે સમયે અફઘાનિસ્તાનનાં મહંમદ ગીઝનીએ ભીમદેવ સોલંકીનાં સમયમાં ૧૦૨૬માં સોમનાથ પાટણ ઉપર હુમલો કરીને સંપૂર્ણ રીતે લૂંટયું હતું અને મંદિર તથા મૂર્તિઓનો નાશ કર્યો હતો. ત્યાર બાદ એ વાત પણ સાચી છે કે કર્ણદેવ બીજાનાં સમયમાં અલાઉદ્દીન ખીલજીએ ૧૨૯૮માં આશાવલ સહીત સમગ્ર ગુજરાતને લૂંટયું હતું. આવાં આક્રમણો જો આજે પણ "હિંદુ-જૈન સાઈકી" ઉપર ભારે અસર કરી શકે તો તે સમયનાં હિંદુ-જૈનો-પારસીઓની શી સ્થિતિ હશે તે કલ્પવું મુશ્કેલ છે.



આવા સંજોગોમાં 'હિંદુ-જૈન' આઈડેન્ટીટીને શોધવા ભરૂચના મંદિરના આચાર્ય જયસિંહસૂરિએ ૧૨૨૪માં 'હમ્મીરમદમર્દન' નામનું નાટક લખ્યું અને તે ભરૂચ અને ખંભાતમાં ભજવાયું પણ ખરૂં. જયસિંહસૂરીએ આ નાટકમાં કલ્પના કરીને કર્ણાવતી નગરીનો ઉલ્લેખ કર્યો. જે મુજબ કર્ણાવતી નગરીની સ્થાપના થઈ. જયસિંહસૂરીએ કલ્પનાને આધારે લોકોનાં મનોરંજન માટે નાટક લખ્યું. તેથી કર્ણદેવનો કે કોઈ ચોક્કસ વર્ષનો ઉલ્લેખ નથી કર્યો.

ત્યાર બાદ મેરૂતુંગાચાર્ય નામના જૈન વિદ્વાને ઈ.સ. ૧૩૦૬માં 'પ્રબંધચિંતામણી' નામનો ગ્રંથ રચ્યો. તેમણે પણ કલ્પના કરીને લખ્યું કે કર્ણદેવે આશાપલ્લીનાં એક લાખ સૈનિકોને હરાવીને આશા ભીલને હરાવ્યો અને કર્ણાવતી નગર સ્થાપ્યું. મેરૂતુંગે આશાપલ્લી જેવા નાના નગરની વસ્તી જે ૬ લાખ માણસોની બતાવી છે તે તે માત્ર કપોળકલ્પીત કહેવાય.

એટલી વિશાળ વસ્તી તે હોતી હશે! હકીકત એ છે કે આવી દંતકથાઓને ઠોસ ઐતિહાસિક ઘટનાઓ સાથે કંઈ જ સંબંધ નથી. મુદ્દો એ છે કે કર્ણાવતી કાલ્પનીક નગરી હતી. તે કલ્પના દ્વારા ક્ષણીક જીવંત રહી, પણ આ અપવાદને બાદ કરતાં તેને વીશે સલ્તનત અને મુઘલ સમય સુધી એક પણ સાહિત્યકારે કે ઈતિહાસકારે એક હરફ પણ ઉચ્ચાર્યો નહીં.

અહમદશાહે ભીલ શાસકને હરાવીને ત્યાં નગર સ્થાપ્યું અને તેની શરૂઆત ભદ્ર કોર્ટનાં ચણતરથી કરી

નવાઈ એ વાતની છે કે ગુજરાતનાં વિશ્વપ્રસિધ્ધ જૈન વિદ્વાન, કલિકાલસર્વજ્ઞા હેમચંદ્રાચાર્ય (૧૦૮૯-૧૧૭૩) કર્ણદેવ, તેમનાં પુત્ર સિધ્ધરાજ

જયસિંહ અને કુમારપાળના સમયમાં થઇ ગયા હોવા છતાં એમણે 'કર્ણાવતી' શબ્દનો ઉલ્લેખ જ કર્યો નથી. ઉલટાનું 'આશાપલ્લી'નાં નામનાં ઉલ્લેખો કર્યા છે.

તેમણે રચેલા 'કુમારપાળચરિત્ર' પરથી આ વાતનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. કર્ણદેવે ૧૦૪૯માં સ્થાપેલા કહેવાતા (કાલ્પનિક) નગર વખતે અને ત્યાર પછી લાંબા સમય સુધી જીવેલા ભાષાવાદ ઇતિહાસકાર અને વ્યાકરણશાસ્ત્રીએ જો 'કર્ણાવતી'નો ઉલ્લેખ જરા પણ ના કર્યો હોય તો શું તેમને આપણે તેમના સમયનાં બનાવોથી અજાણ ગણવા ?! આ ઘણો મહત્ત્વનો મુદ્દો અત્રે રજૂ કર્યો છે.

કર્ણાવતીની કર્ણદેવે સ્થાપના કરી તે પહેલાં આશાપલ્લીનાં અનેક ગ્રંથો રચાયાં હતાં. જે કે જિનેશ્વરસૂરિએ પ્રાકૃત પદ્યમાં ૧૦૩૦માં 'લીલાવઇકહા' નામનો ગ્રંથ લખ્યો હતો. કર્ણાવતીની ૧૦૯૪માં 'સ્થાપના' થયા પછી પણ નીચેનાં ગ્રંથોની રચના કર્ણાવતીમાં નહીં પણ આશાપલ્લીમાં થઇ હતી  જીનપ્રભસૂરીકૃત 'આગમિકવસ્તુવિચાર સાર વૃત્તિ' (૧૧૧૬), ત્યારબાદ ચંદ્રપ્રભસ્વામીએ ૧૧૨૨માં આશાપલ્લીમાં કૃતિ રચી. ઈ.સ. ૧૧૫૦માં 'મુદ્રિત કુમુદચંદ્ર નાટક' રચાયું.

આ સાહિત્યપ્રવૃત્તિ આશાવલમાં થઇ હતી. વળી સુપ્રસિધ્ધ આરબ દાર્શનિક ઉલપિશાસ્ત્રી અને ઈતિહાસકાર અલ બેરૂનીએ ૧૦૩૦માં અને ત્યાર બાદ અલ્ ઈદ્રીસીએ ૧૧૫૩માં કર્ણાવતીનો નહીં પણ આસાવલનો ઉલ્લેખ કર્યો છે. પદ્મનાભ નામનાં વિદ્વાને ૧૪૫૬માં 'કાન્હડદેપ્રબંધ' રચીને ૧૨૯૮માં અલાઉદ્દીન ખલીજીએ ગુજરાત ઉપર કરેલા આક્રમણોનું આબેહૂબ વર્ણન કર્યું હતું.

આશાવલ, ધોળકા, ખંભાત અને સુરત જેવા નામોનાં ઉલ્લેખો છે. કર્ણાવતીનો જરા પણ ઉલ્લેખ નથી. ૧૪૫૬માં રચાયેલા કાન્હડદે પ્રબંધની પંક્તિઓ શબ્દશઃ નીચે પ્રમાણે છે:

"અલુખાની પાટણગઢ મેલ્યઉ, પૂઠઇ  કરયઉં વખાણ,

અલાવદીન પાતીસાહી કેરી, તુ વરતાવી આણ,

ભણી કટક ઉપડયાં અસાઉલી, ગઢમાંહી મેલ્હીઉં થાણઉં,

ગુજરાતી  માંહી ગડઅદડ, તહીય લગીય તુરકાણું.

અલાઉલી ધુલકું ખંભાઇતી, સુરતી નઇ રાનેર

બીજાં નગર કેટલાં કહી યઇ, કાંપઇ ચાંપાનેર."



azum khan's palace in ahmedabad.

આશાવલ તો છેક ૯મા સૈકામાં ભીલ રજવાડાનાં (kingdom) હેડક્વાર્ટર્સ તરીકે શરૂ થયું હતું. સમય જતાં તે ગુજરાતનાં મીલીટરી અને બીઝનેસ સેન્ટર્સ સાથે ઘનિષ્ટ રીતે સંકળાયું હતું. સાબરમતીનું પાણી નાવાધોવાપીવા અને ખેતી માટે ઉપલબ્ધ હતું અને આવાં કારણોસર આ ભીલ નગરમાં બજારો (માર્કેટ પ્લેસીસ) શરૂ થયા હતા.

અહમદશાહ બાદશાહે ભીલ શાસકને હરાવીને ત્યાં 'અહમદાબાદ' નગર સ્થાપ્યું હતું અને તેની શરૂઆત ભદ્ર કોર્ટનાં ચણતરથી કરી હતી. અમદાવાદ વસ્યા પછી પણ આશાવલનું નામ છેક મુઘલ યુગ સુધી લોકજીભે રમતું હતું. હવે અમદાવાદ ખીલવા માંડયું. અમદાવાદ ('અહમદાબાદ' નહીં) નામ લોકહૃદયમાં જામી ગયું અને ત્યારથી આજ દિન સુધી તે લોકજીવન સાથે ઓતપ્રોત થઇ ગયું છે.

સૌજન્ય : ગુજરાત સમાચાર

# નામ વિવાદ; અમદાવાદને અભડાવે છે, કર્ણાવતીને કચડે છે

- ભાર્ગવ પારીખ



ઈતિહાસના નામે ગુજરાતમાં ફરી એકવાર નામના નામે વિવાદ શરૂ કરાયો છે. અમદાવાદને હેરિટેજ સિટીનો દરજ્જો મળતાં ખુશીથી ઉછળતા અમદાવાદીઓ હવે નામ બદલવાના નામથી ભડકી રહ્યા છે કારણ કે ઈતિહાસને જોયા વિના સોશિયલ મીડિયા પર સહી ઝુંબેશ શરૂ કરી છે અને રેશનાલીઝમના નામે શાંત અમદાવાદના શાંતિને ડહોળવાનો પ્રયાસ થઈ રહ્યો છે. કેટલાક લોકો માને છે કે અમદાવાદનું નામ બદલીને હેરિટેજનો દરજ્જો ગુમાવવાનો વારો આવશે અને કર્ણાવતી નામ કરી ગુલામીનું પ્રતીક દૂર કરવામાં આવશે પરંતુ આ આખાય વિવાદને કારણે ઈતિહાસ સાથે ચેંડા થઈ રહ્યા છે.

અમદાવાદનો ખરો ઈતિહાસ જોવા જઈએ તો અમદાવાદની સ્થાપના ચૌલક્ય રાજથી થઈ હતી એ પહેલાં દસમી સદીમાં આશાવલ ભીલ નામનો સરદાર પોતાનું રાજ કરતો હતો અને આ ભીલો પહેલાં અહીંની સાબરમતી નદીના કિનારે દધિચિ ઋષિ રહેતા હતા. સાબરમતી પાસેના ધૂળિયા વિસ્તારમાં રહેતા ભાલોના

સતસહિયો દુકાળ માં અનેક લોકોના મોત થયા હતા અને પાણીની તકલીફ હોવાના કારણે લોકોએ ઘરમાં વરસાદનું પાણી એકત્રિત કરવા માટે ઘરમાં ફૂવા બનાવ્યા હતા પરંતુ આ દુકાળમાં અમદાવાદીઓને ભારે નુકસાન થયું હતું અને વસુલાત માટે બિન મુસ્લિમો પર ઝિયો ટેક્સ લગાવાયો હતો.

ત્યારબાદ અમદાવાદ આવેલા અંગ્રેજ ઈતિહાસકાર થેક્સ હાર્બર લખે છે કે અહમદાવાદમાં આ અરસામાં અત્તર, મસાલા, સિલ્ક અને કોટનનો ધંધો મોટાપાયે ચાલતો હતો જેની આવક એ જમાનામાં 15.5 લાખ હતી.

આ અરસામાં હમિદ ખાનનું રાજ આવ્યું  અને આ રાજ અમદાવાદ માટે ઘણું ઘાતક સાબિત થયું. 1750માં મરાઠાઓએ અમદાવાદ પર આક્રમણ કર્યું.

પેશ્વા અને ગાયકવાડે પૂર્વ અમદાવાદમાં પોતાનો કબ્જો જમાવ્યો તો પેશ્વાઓએ દક્ષિણમાં પોતાનો કબ્જો જમાવ્યો. ગાયકવાડ તરફથી ગોપાલ હરિએ મારચો સંભાળ્યો હતો તો  પેશ્વાઓ તરફથી રઘુનાથ રાવે મોરચો સંભાળ્યો હતો અને અહીં લાલ દરવાજા પાસેથી સિદી સૈયદની જાળી વાળી મસ્જિદમાં એમણે ઘોડાનું અસ્તબલ બનાવી દીધું હતું. એક તરફ મોગલો અમદાવાદ લૂટતા હતા અને બીજી તરફ મોગલોને મરાઠા લૂંટતા હતા. વચ્ચે અમદાવાદી પીસાતો હતો અને આ ગાળામાં અમદાવાદની આર્થિક પાયમાલી વધી હઈ.

ત્યારબાદ અંગ્રેજોનું રાજ આવ્યું. 1857માં અંગ્રેજો આવ્યા પછી ફરી અમદાવાદ ધમધમતું થયું ત્યારબાદ સંપન્ન હિન્દુઓએ અમદાવાદનો વિકાસ શરૂ કર્યો. 1859માં શેઠ રણછોડલાલ છોટાલાલે કાપડ બનાવવાની મશીનરી નાખી અને સંપન્ન હિંન્દુઓએ સ્કૂલ શરૂ કરી રણછોડલાલ છોટાલાલે પહેલી કન્યા શાળા શરૂ કરી. અમદાવાદમાં ત્યારબાદ 1889માં ટેક્નિકલ સ્કૂલ શરૂ થઈ.





અંગ્રેજ ઈતિહાસકાર મેરી કાર્પેન્ટરએ 1856માં લખ્યું છે કે અમદાવાદના લોકો મોગલ શાસન બાદ બહાર ગયા પછી કલકત્તા અને મહાષ્ટ્રમાં શિક્ષણનું વધતુ પ્રમાણ જોઈને સ્કૂલ શરૂ કરી જેની પાછળનો ઉદ્દેશ એ હતો કે ગરીબ મધ્યમવર્ગના લોકોને શિક્ષણ મળી રહે. એની શરૂઆત શેઠ કાલિદાસ શામળાદાસે કરી હતી અને અમદાવાદમાં મિલથી માંડી સારા શિક્ષણનું કામ હળવદના શ્રેષ્ઠીઓએ કર્યા. આમ અમદાવાદમાં મોટા સ્થાપત્યો મોગલોએ બનાવ્યા તો સ્કૂલ કોલેજ અને ઉદ્યોગ હિન્દુ શ્રેષ્ઠીઓએ બનાવ્યા.

અમદાવાદના નામ બદલવા અંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જન્મભૂમિ પત્રો સાથેની વાતચીતમાં કહ્યું કે અમે ઈતિહાસને યાદ કરાવીએ છીએ. સ્વાભિમાનની વાત કરી છે. અમદાવાદનું નામ બદલવાની વાત થઈ રહી છે. જો અમદાવાદનું નામ બદલશે તો હેરિટેજનો દરજ્જો ગુમાવવો પડશે.

આ શહેરના વિકાસમાં દરેકનો આવોજ મોટો ફાળો છે. 1989થી અમદાવાદનું નામ કર્ણાવતી કરવાની મુહિમ ચાલી રહી છે અને એના ઠરાવ પણ બન્યા છે છતા પણ ક્યારેય નામને લઈને કોઈ બખેડો ઊભો નથી થયો ત્યારે એ કહેવું અતિશયોક્તિભર્યું નહી કહેવાય કે નામ બદલવાના નામે શરૂ થયેલો વિવાદ અમદાવાદને અભડાવે છે અને કર્ણાવતીને કચડી રહ્યો છે.

સૌજન્ય : જન્મભૂમિ ગ્રુપ

# અમદાવાદનો ઇતિહાસ સન 1850 સુધીનો

લેખકઃ મગનલાલ વખતચંદ શેઠ

પ્રકાશન વર્ષ : 1851

## સુલતાંન અહમદ

સુલતાંન અહમદના બાપ તાતારખાંન દીલીના બાદશાહ નાસરૂદીન માહામદશાહના મુખ્ય પ્રધાંન હતા નેં એઉના બાપ જાફરખાંન અથવા આજીમ હુમાયુન ગુજરાતના સુબેદાર હતા.. સંને 1393-4 નેં હીજરી 796માં સુલતાંન બીજો અહમદ તોગલખ ગુજરી ગઆ તેથી દીલ્હીમાં ગડબડ થઇ નેં મલુ ઉકબાલખાંન નેં તાતારખાંન વચ્ચે લઢાઇ થઇ તેમાં તાતારખાંન હારયા નેં ગુજરાતમાં પાતાના બાપ પાસે નાસી આવ્યા, નેં મલુ ઇકબાલખાંને દીલ્હી હાથ કીધી. તાતારખાંને પોતાના બાપનેં હેંવું કહ્યું કે " આપણી પાસે ફોજ જેટલી જોઇએ એટલી છે તથા તેંને માટે ખોરાકીં પોશાકી વીગેરે સારી પેઠે સાંમાંન છે નેં દિલ્હીની બાદશાહીમાં કોઇનો હક નથી પણ આપણો જ છે માટે આપણે ચઢાઇ કરો નેં ઇકબાલખાંનની વહલે કરો.." પણ જાફરખાંન લાંબી નજરવાળો હતો. તેથી ના કહીં નેં કાંઇ કારણનેં માટે ગુજરાતનો અમલ તાતારખાંનનેં સોંપી પોતે કોરે બેઠો.

વળી હેવું પણ કેહેવામાં આવે છે કે તાતારખાંને પોતાના બાપ ઝાફરખાંનને કેદ કરી હીજરી 806માં માહામુદશાહ નાંમ ધરાવી પોતે ચસાવલ ગાંમમાં રાજ કરવા માંડ્યું. પણ તે જ વરશમાં માંદો પડીંને મરણ પાંમ્યો. ત્યારપછી તેહોનો બાપ જાફરખાંન મુજાફરશાહ નાંમ ધરાવી પોતાના નાંમથી શીક્કા પાડ્યા નેં પોતાના છોકરાના છોકરા એહમદશાહનેં પોતાનો વારશ કરો.

પછી સંને 1410-11 અથવા હીજરી 813 માં એહમદશાહે મુજેફરશાહનેં ઝેર દેઇનેં મારયો. ઝેહેર પીતી વખતે મુજેફરશાહે એહમદશાહનેં શીખાંમણ દીધી છે તે મીરાત એહમદીમાંથી માલુંમ પડશે.

સંને 1410 ના ડીશંબર મહીનાની તા. 28 મીએ અથવા હીજરી 813ના રમજાંન મહીનામાં સુલતાંન એહમદ રાજ બેઠા નેં ગુજરાતનું રાજ કરવા લાગ્યા. વડોદરાના સુબાએ તોફાન કરૂં તેથી પોતે તેના ઊપર ચઢાઇ કરી તેમાં જીત મેળવી પાછા ફરતી વખતે જસાવાલ આગળ આવ્યાં તાહારે શેખ એહમદ કતુ ગંજબખસના કેહેવાથી હેવું ધારયું કે આશાભીલનેં કાહાડી મુકવો નેં ત્યાંહાં અમદાવાદ હેવે નાંમે એક શેહેર વશાવવું.

# અમદાવાદ વસાવ્યાનું કારણ . લોકોના કાહેવા પરમાંણે

આગળ કેહેલો ઠાકોર આશાભીલ આસ્ટોડીઆ ગામમાં રેહેતો હતો તેહેને એક તેજાં કરીનેં દીકરી હતી તે ગણી રૂપવંતી હતી તેહેની સાથે સુલતાંન એહમદનો રાવત લાગ્યો હતો તેથી બાદશાહના ઘોડા ઊપર સ્વાર થઇ રાતનાં પોહોર પાટણથી નીકળી અહીઆં આવતો નેં વાહાંણાના પોહોર પાટણ આવી ઊભો રેહેતો, એ રીતે ઘણા દાહાડા ચાલ્યું. એક દાહાડાને વીશે અહીઆંથી જઇનેં ઘોડો તબેલામાં બાંધ્યો નેં હેવામાં બાદશાહ તબેલો જોવા આવ્યા ત્યાહારે પોતાનો ઘોડો હાંફતો નેં તેહનેં પરશેવાના જેબાજેબ દીઠા તેથી બાદશાહએ રાવતને પુછયું કે આ ઘોડાનેં પરશેવો શો છે ? તે વાત કેહે, ત્યાહારે રાવત બોલ્યો કે " એ હજરત જે કાંમ કરૂ છુ તે આપનેં માટે" ત્યાહારે બાદશાહે સર્વ વાત કેહેવાનું કહું નેં કહું કે " સાચું બોલીસ તો તાહારો ગુનો તકશીર માફ છે" તેથી રાવત કેહે છે કે " સાબરમતી નદીને કાંઠે આશતોડીયા કરીનેં ગાંમ છે તેહેનો ઠાકોર આશાભીલ તેહેનેં એક તેજાં કરીને દીકરી છે, તે તમારા લાયક કંન્યા છે કેમ કે તે ઘણી જ રૂપાળી છે માટે હું આપનેં માટે મેહેનત કરૂ છું " આ વાત સાંભળી બાદશાહ લલચાયો નેં કહું કે આજ આપણે બે સાથે જઇશું. એ પ્રમાણે રાવત તથા પોતે પાટણથી નીકળ્યા નેં સાબરમતીની તેડે આવી પોહોંચ્યા નેં વહાંણે વાએ તેજાં નદી ઊપર રાવત પાસે આવી એટલે બાદશાહની નજરે પડી. બાદશાહે રાવતનેં કહું કે તું એનેં પકડી લેંઃ ત્યારે રાવતે કહું કે આ મેહેવાશી ગાંમ છે નેં આપણે છડેછડા છીએ માટે આપણી વલ્હે થઇ જાઅ તેથી હેવું ના કરવું, નેં આપણે પાટણ જઇ ફોજ લેઇનેં પાછા અહીઆં આવીશું. આશાભીલ આવીને નમ્યો નેં કહ્યું કે સાહેબ તમારી જે ખંડણી છે તે લો નેં આ ઝુંપડાના રેહેનાર ઊપર આટલી ફોજ લાવવી ઠીક નહીં. ત્યારે બાદશાએ આશાભીલના ગજા કરતાં વધારે રૂપૈઆ માગ્યા નેં કહ્યું કે એટલા રૂપૈઆ આપ નીકર તારી દીકરી તેજાંનેં મનેં પરણાવ્ય. આ વાત સાંભળીને ભીલનેં ક્રોધ ચઢયો, પણ શું કરે? હેની સાથે પોતાનું ચાલે હેવું નથી તેથી એ વાત સાંભળીનેં ઘેર ગઓ, ને પોતાની બાયડીનેં કહું કે બાદશાહ હાવી નજર થઇ છે માટે આપણે સરવેનેં મરવું પણ દીકરીનેં આપવી નહીં. ત્યારે બાયડીએ શીખાંમણ દીધી કે મરીનેં શું કરીશું નેં તેજા બાદશાહની રાણી થશે તો આપણનેં પણ સારૂ છે." પછી આશાભીલ સમજી ગઓ નેં તેજાંને પરણાવી. બાદશાહ પાટણ ગઆ પછી તેજાંએ બાદશાહને કહું કે માહારા બાપનેં તાંહાની જમીન ઘણી સારી છે. ત્યાહારે બાદશાહે પુછું કે કેમ, તેજાંએ કહ્યું " તમે જઇનેં જોઇ આવો એટલે માલુંમ પડશે " તે ઊપરથી બાદશાહ શીકાર રમવાનેં આણી તરફ આવ્યો, નેં વનકટીમાં શીકાર કરતો હતો એવામાં એક સસલો જાળામાંથી નીકળીનેં બાદશાહના શીકારી કુતરા ઊપર ધસ્યો નેં તેહેનેં બીહીવરાવીનેં નસાડી મુકયો. આ વાત બાદશાહ જોઇનેં ડંક થઇ ગઓ નેં હેવું ધારયું કે આ ધરતીના સસલાં હાવા જોરાવાર છે તો માંણસ તો કેહેવાં જોરાવર હશે નેં અહીંઆં એક શેહેર વસાવીનેં રાજની રાજધાંની કરી હોય તો સારી, હેવો વીચાર કરી અમદાવાદ શેહેર વસાવ્યું. આ શેહેરે વસવા બાબત એક કેહેવત છે કે

"જબ કુતે પર સસા આયા તબ બાદશાહને શેહેર બશાયા"

# આશાવલ અગર કર્ણાવતી

સાબરમતી અગર શ્વભ્રવતી નદીને કાઠે આશાવલ હતુ. એનું શુદ્ધ નામ આશાપલ્લી છે. એ નામ કેમ પડ્યું તે ચોક્કસ કહેવું મુશ્કેલ છે. ઘણા જુના વખતમાં ત્યાં ભીલ રાજાઓનું રાજ્ય હતું, એ તો પ્રસિદ્ધ વાત છે. એ ભીલ રાજાઓ આશાભીલના નામથી પ્રસિદ્ધ હતા, એમ જણાય છે. મૂળવંશનો સ્થાપક આશાભીલ નામનો પુરૂષ હોય અને તે ઉપરથી જ આશાપલ્લી નામ પડ્યું હોય, કે આશાપલ્લીના રાજાઓ તે આશાભીલ કહેવાતા હોય એ એક પ્રશ્ન છે. પરંતુ આશાપલ્લીના રાજા એટલે ગમે તે નામ હોવા છતાં આશાભીલ કહેવાય એ વધારે બંધ બેસતું લાગે છે.

આશાપલ્લી અગર આશાવલ ક્યારે વસ્યું તે જણાયું નથી પરંતુ ઈ.સ. ની દશમી સદીથી એના ઉલ્લેખો આરબ મુસાફરોના વર્ણનોમાં અને ગુજરાતના સંસ્કૃત પ્રબંધ વગેરે સાહિત્યમાં વારંવાર આવે છે. એટલે આશાવલ દશમી સદી પહેલા ઘણા લાંબા સમયથી વસ્યું હશે એમ જણાય છે. આગામી સદીમાં છ લાખ ભીલોના સ્વામી આશા ભીલને હરાવી સોલંકી કર્ણદેવ આશાવલનું નામ બદલી કર્ણાવતી રાખ્યું. છતા તે પછી ઘણા કાળ સુધી આશાવલ અને કર્ણાવતી બન્ને નામનો ઉપલબ્ધ થાય છે.

આશાવલ અને કર્ણાવતી એકજ શહેર છે. આ માટે વિદ્વાનોમાં મતભેદ ચાલે છે. કર્ણાવતી નગરી ક્યા હતી તે માટે પણ મતભેદ તો છે. પરંતુ એ બન્ને શહેરો એક જ છે.  એવા ઉલ્લેખો મળે છે. આશાવલ અને કર્ણાવતી કેટલાક વિદ્વાનો કર્ણાવતીને આશાપલ્લીના પાસે અગર તો સાબરમતી સામે પશ્ચિમ કિનારે મૂકે છે. પરંતુ એમ માનવાને ખાસ આધાર નથી. સિદ્ધરાજના પિતા કર્ણદેવ આશાભીલને હરાવી કર્ણાવતી વસાવ્યું ત્યાં જયંતીદેવી અને કર્ણેશ્વર મહાદેવનાં મંદિરો બંધાવ્યા, એમ કહેવાય છે. અને સારા શુકન થવાથી કોચરવા દેવીનું સ્થાપન કર્યું. આ કોચરવા નામ અમદાવાદની સામે પાર કોચરબ ગામમાં જળવાઈ રહ્યું છે. અને એ ઉપરથી કર્ણાવતી સામેપાર હશે એવું અનુમાન કેટલાક કહે છે.

કર્મયોગીએ આસુરી સંપતિનો વિરોધ કર્યો, અને આખરે દધીચિની પેઠે દેહ અર્પણ કર્યો. પુરાણના અને આજના આ બે સમાન કોટિના મહાત્માઓની વચ્ચે આ ભૂમિ ઉપર અનેક સંત પુરૂષો થઇ ગયા છે. અને એ તથા બીજી દ્રષ્ટિએ પણ અમદાવાદ પુણ્યભૂમિ છે એટલું એનો ઇતિહાસ સિધ્ધ કરી શકે તેમ છે.

કર્ણદેવ કર્ણાવતી વસાવ્યાનો ઉલ્લેખ સ્પષ્ટ ઉલ્લેખ મેરૂતુંગાચાર્ય સદીની શરૂઆતમાં લખેલા પ્રતિબચિંતામણિ નામના ગ્રંથમાં છે. પરંતુ એ ઉલ્લેખમાં

स्वं तु, आशापल्ली निवासिनमारामिधान भिल्लमभिषेळणमू भैरवदेव्या राकून जाते तत्र कोछरवामिधान देव्याः प्रासांदं च कारयित्वा षडलक्षाधिपं भिल्लं विजित्य तत्र जयन्तीं देवी प्रसादे स्थापयित्वा तथा कर्णेश्वरं देवतायतनं कर्णसागर तडागालंकृतं चकार. कर्णावती पुरंनिवेश्य स्वयं तत्र राज्य.

(પ્રબંધ ચિતામણિ પૃ. 134 શાસ્ત્રી રામચંદ્ર દીનાનાથની આવૃત્તિ) કોછરવા એજ કોચરબપાલડી અને તેથી કરણાવતી અગર આસાવલ સામે કીનારે હશે એમ પણ કેટલાક માને છે. અને બન્ને જુદા હોય મ પણ કેટલાક માને છે. કોઈ સારી વસ્તીના બે શહેર પાસે હોઈ શકતા નથી એમ ભૂગોળ વિદ્યાના વિદ્વાનોનું માનવું છે. કોચરબા એ કોઈ ભીલ દેવી જણાય છે. અને કર્ણાવતી અગર આશાવલને સામે કિનારે તેનું મંદિર કર્યું હોય તેમ સંભવે, પ્રબંધ ચિતામણિના આઉતારામાં કોચરબ અને જ્યન્તીદેવીનો સ્પષ્ટ નિર્દેષ છે, પરંતુ કર્ણેશ્વર અને કર્ણસાગર માટે ભ્રમ થાય એવું છે. કર્ણાસાગર તળાવ હાલ ચાણસ્મા તાલુકાના કણસાગર ગામ પાસે એનું સ્થળ સ્પષ્ટ થતું નથી. એમા જણાવેલું કર્ણાસાગર સરોવર અને કર્ણમેરૂપ્રસાદતો છેક ચાણસ્મા તાલુકાના કર્ણસાગર ગામ આગળ અને પાટણમાં છે ઈ.સ 1880માં ડો. હરિલાલ હ. ધ્રુવને જમાલપુર દરવાજા બહારના સપ્તર્ષિના આરા પાસેથી એક પથરો જડ્યો હતો, તેમા 15 લીટીની એક ખંડિત પ્રશસ્તિ છે. છેલ્લી રેલ વખતે ઓરા પડી જવાથી એ પત્થર જડ્યો હશે એમ ડો. ધ્રુવનું માનવું છે. એમા ત્રીજી લીટીમા 'कर्णवत्या स्तंभतीर्थ तथा' એવા શબ્દો લખેલા છે. પ્રશસ્તિ ઘણી ખંડિત હોવાથી લખનાર લખવનાર કે સમય કે હેતુ કોઈ સમજાતુ નથી. પરંતુ કર્ણાવતી નગરી હતી અને ક્યે સ્થળે હતી તે આ ઉપરની કંઈક સમજાય છે. અને કર્ણાવતી માટે શિલાલેખ કેવળ આટલો જ ઉલ્લેખ થયો છે. એ રીતે લેખ મહત્વનો છે.



# અમદાવાદ : ગુજરાતનું પાટનગર : સંક્ષિપ્ત

લેખક : રત્નમણિરાવ ભીમરાવ

પ્રકાશન વર્ષ : 1953

## અમદાવાદ

ભારતના નગરોમાં અમદાવાદનું સ્થાન અનેક દ્રષ્ટિએ મહત્વનું છે, અનેરું છે. ભારતના ભૂમિ વિભાગોમાં એક વિલક્ષણ પરિસ્થિતિ ધરાવતા પ્રાંતનું એ આજે સાડા પાંચ શતાબ્દિઓથી પાટનગર રહ્યું છે એ તો ખરું, પરંતુ માનવીની પેઠે ભૂમિને-નગરોને પણ નશીબ-ભાગ્ય જેવી વસ્તુ છે, અને મનુષ્યની પેઠે એને પણ જીવનમાં ધન્ય ક્ષણો આવે છે. માનવીની ક્ષણ તે નગરના વર્ષ બરાબર છે. ભારતની પશ્ચિમે આવેલા એક પ્રાંતનું-આજના કેટલાક પ્રાંતોનાં અર્વાચીન પાટનગરોની સરખામણીમાં કૈંક ખૂણે પડેલું ને ખૂણે નંખાએલું ગુજરાતનું આ પાટનગર અમદાવાદ એક સમયે સમસ્ત ભારતના પ્રાણને પ્રેરણા આપવાના ઉદભવસ્થાનનું પાટનગર હતું. એ થોડા વર્ષોનો સમય એ એની ધન્ય ક્ષણો હતી. એ એનું પુણય હતું. એટલે જ ભારતના રાષ્ટ્રપિતાનું નિવાસસ્થાન બનવાનું થોડા વર્ષો માટે પણ એને સદભાગ્ય પ્રાપ્ત થયું હતું. અમદાવાદના ઇતિહાસમાંથી આ વસ્તુ સ્પષ્ટ થશે.

## અમદાવાદની ભૂમિ અને સાબરમતી

અમદાવાદ જે ભૂમિ ઉપર વસ્યું છે તેનું પ્રાચીન નામ શ્વભ્રદેશ છે અને એને અડીને વહેતી સાબરમતી નદીનું ખરૂ નામ શ્વભ્રવતી કહેતા અને સામાન્ય લોક સાબરમતી કહેતા. એ મૂળ નામ ભૂલાઇ ગયું અને પુરાણોમાં સાબરમતીનું સાભ્રમતી કરીને એ નામ પાછળ કથાઓ જોડાઇ. બે પુરાણો એ નામનાં બે જુદા કારણો આપે છે, એથી જ મૂળ નામની પુરાણકારને ખબર નથી એ સમજાય છે. શ્વભ્ર ટલે કોતર-વાંધાં, અને સાબરમતીને માટે એ નામ યથાર્થ છે. લોકોમાં અને પુરાણોમાં એનું સ્થાનિક માહાત્મ્ય ઘણુ છે અને લોકો તો માને છે કે કલિયુગમાં ઘણી બધી નદીઓ સુકાઇ જશે ત્યારે સાબર સાપના લિસોટા જેટલી પણ વહેશે. ગમે તેમ, પણ સાબરમતીનું માહાત્મ્ય પુરાણે ગાયું છે અને એને કાશ્યપી ગંગા કહી છે. સ્થૂળ દ્રષ્ટિએ જોતાં ગંગા કે યમુનાના તટપ્રદેશ જેવાં ભારત માન્ય પ્રાચીન મહાતીર્થો સાબરમતીને તટે મનાતાં નથી, પરંતુ સૂક્ષ્મ દ્રષ્ટિએ અને સાંસ્કૃતિક ઇતિહાસને આજની દ્રષ્ટિએ જોતાં એવાં જ ભારતમાન્ય મહાતીર્થો સાબરને તટે અમદાવાદની ભૂમિ ઉપર પ્રાચીન અને અર્વાચીન સમયનાં છે.

## પૌરાણિક પુણ્યભૂમિ

એક કવિ કહે છે કે સંજોગો અને પરિસ્થિતિ સમાન હોય તો પણ યશ તો પુણય હોય તો જ મળે-यश : पुण्येरवाप्याते. અમદાવાદનો વિચાર કરતાં તો ભારતનાં અન્ય સુપ્રસિધ્ધ ધામ કરતાં સંજોગો, પરિસ્થિતિ અને કુદરતની કૃપા

પ્રમાણમાં ઊતરતી પંક્તિના હોવા છતાં અમદાવાદને યશ સાંપડ્યા છે. પુરાણો કહે છે કે આ ભૂમિ ઉપર પ્રસિધ્ધ દધીચિ ઋષિનો આશ્રમ હતો. એમણે દેવાસુર સંગ્રામમાં દેવોને જ્ય અપાવવા માટે પોતાનું શરીર ત્યજીને અસ્થિ આપ્યાં. દેવોનો રાજા ઇંદ્ર ઋષિનો વિરોધી હતો, છતાં સર્વશ્રેષ્ઠ પ્રેમમાં માનતા મુનિએ જનકલ્યાણ માટે દેહ આપ્યો. આજે ઇતિહાસના પુનરાવર્તનો ચમત્કાર જુઓ ! એ જ ભૂમિ ઉપર ભગવાન બુધ્ધની પેઠે અહિંસા ધર્મનું પ્રતિપાદન કરનાર ભારતના રાષ્ટ્રપિતાએ નિવાસ કરવાનું યોગ્ય ધાર્યું. વિશ્વ પ્રેમમાં માનનાર આ મહાન કર્મયોગીએ આસુરી સંપતિનો વિરોધ કર્યો, અને આખરે દધીચિની પેઠે દેહ અર્પણ કર્યો. પુરાણના અને આજના આ બે સમાન કોટિના મહાત્માઓની વચ્ચે આ ભૂમિ ઉપર અનેક સંત પુરૂષો થઇ ગયા છે. અને એ તથા બીજી દ્રષ્ટિએ પણ અમદાવાદ પુણ્યભૂમિ છે એટલું એનો ઇતિહાસ સિધ્ધ કરી શકે તેમ છે.

## આશાપલ્લી અગર કર્ણાવતી

કુદરતની કૃપા કે ભૂમિની વિશેષતાની દ્રષ્ટિએ અહીંની ભૂમિમાં મોટુ શહેર વસાવવાનું મન થાય એવું ખાસ કાંઇ છે એમ ન કહેવાય. આમ છતાં અમદાવાદ કાંઇ વેરાન ભૂમિ ઉપર નવું શહેર નથી વસ્યું. ણહીં આશાપલ્લી-આશાવલ નામનું એક નગર તો હતું જ. એ નગર ક્યારે વસ્યું તે જણાયું નથી. પરંતુ આજથી એક હજાર વર્ષ પહેલાં એ આબાદ હતું, એટલે એની સ્થાપના પણ પ્રાચીન હોવી જોઇએ. ભીલોની ખાંટ શાખાના આશા નામના કોઇ રાજાના નામ ઉપરથી એનું નામ પડેલું છે. આશો કોઇ પ્રસિધ્ધ ભીલરાજ હોવો જોઇએ, કારણ કે સદીઓ સુધી આશાવલના રાજાઓ આશાભીલ કહેવાતા હતા. સિધ્ધરાજના પિતા કર્ણદેવ સોલંકીએ લાટ ઝીતવામાં સરળતા પડે તે માટે આશાવલમાં પડાવ નાંખી એને બીજી રાજધાની જેવું મહત્વ આપ્યું અને એનું નામ બદલીને કર્ણાવતી પાડ્યું. પરંતુ લોકોમાં મૂળ નામ આશાવલ જ ચાલુ રહ્યું. આ આશાવલ નગર પાટણ અને ખંભાતથી જ માત્ર ઊતરતું ગુજરાતનું એક સારૂ નગર હતું. અનું સ્થળ આજના અમદાવાદના જમાલપુર દરવાજા બહાર કેલિકો મિલની આસપાસના ભાગમાં હતું. આસ્તોડિયા-જમાલપુરનો ભાગ એ શહેરમાં આવી જતો હતો.આશાવલમાં જૈન અને બ્રાહ્મણ ધર્મના પ્રસિધ્ધ મંદિરો હતાં. જૈનોની વસ્તી સારી હોય એમ સમજાય છે. દિગંબર મતને હરાવનાર સુપ્રસિધ્ધ દેવચંદસૂરિનો અહીં અરિષ્ટનેમિ-પ્રાસાદ નામના મંદિરમાં નિવાસ હતો. ગુજરાતના કલિકાસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અહીં પાઠ ભણેલાં. સિધ્ધરાજના સમયમાં મંત્રી શાંતુ મહેતાએ શાંતુ-વસહિ અને સુપ્રસિધ્ધ ઉદયનમંત્રી- ઉદા મહેતાએ 72 જિનાલયવાળપં ઉદર્યાવરાહ નામનું મંદિર ણહીં બંધાવ્યાં હતાં. ખંભાત એ સમયે ગુજરાતનું સમૃધ્ધ બંદર હતું. ગુજરાત ઉપરાંત ઉત્તર અને મધ્ય ભારતના માલ દેશાવર ચડવા એ બંદરે આવતા. પાટણ અને મોડાસા થઇને ઉત્તરમાંથી અને કપડવણજ થઇને પૂર્વથી આવતા વેપારી મહામાર્ગ ઉપર આ આશાવલ હતું, અને ગુજરાતના બંદરોએ જવાના પણ મહામાર્ગ ઉપર હતું. લાટ, ખંભાત ને સોરઠ તરફ જવા માટે એનું સ્થાન મધ્યવર્તી હોવાથી, પાટણ રાજધાની હોવા છતાં આશાવલનું મહત્વ કાંઇક વારે હતું.

# અમદાવાદ વસ્યું

ચૌદમી સદીના પ્રારંભમાં ગુજરાતમાં રજપૂત સત્તાનો અંત આવ્યો અને દિલ્હીના સુલતાનના સુબાઓ પાટણમાં રહી વહીવટ કરવા લાગ્યા. અલ્લાઉદ્દીનનો સરદાર ઉલુઘખાન સૌરાષ્ટ્ર જતાં આશાવલમાં રહેલો, અને લોકોએ ગાંડો કહેલો દિલ્હીનો સુલતાન મુહમ્મદ તઘલખ પણ આશાવલમાં છાવણી નાખી રહેલો. એક સદી પછી પાટણમાં ગુજરાતની સ્વતંત્ર મુસલમાન સલ્તનતની સ્થાપના થઇ અને પહેલા સુલતાન મુજફ્ફરશાહના પૌત્ર અહમદશાહે ઈ.1411-હીજરી સન 813ના જિલ્કાદ માસમાં, ઉપર જોયું તેમ પાટણ કરતાં આશાવલ મધ્યવર્તી કેન્દ્ર તરીકે લશ્કરી તેમ જ બીજી દ્રષ્ટિએ પણ મહત્વનું લાગવાથી, પાટણથી રાજધાની બદલીને આશાવલની અડોઅડ જરા ઉત્તરે એક સપાટ ભૂમિ પસંદ કરી ત્યાં કિલ્લો બાંધ્યો અને પોતાના નામથી એ સ્થળનું નામ અહમદાબાદ પાડ્યું. એની સાથે આવેલા અમીરો અને ધાર્મિક પુરૂષોએ આશાવલમાં પડાવ નાખ્યો. નવા કિલ્લાનું નામ પાટણના કિલ્લાની પેઠે જ ભદ્ર રાખ્યું. આશાવલના કેટલાક ભાગ આ નવા વસતા શહેરમાં મળી ગયા. કિલ્લાની બહાર પૂર્વ તરફ થોડે છેટે અહમદશાહે ઈ.સ. 1412માં સુમા મસ્જીદનો પાયો નાખ્યો. કિલ્લામાં પોતાના માટે મહેલ બાંધી રાજગઢની એક મસ્જિદ જુદી બાંધી. આશાવલના મકાનોની સામગ્રી આ નવું શહેર બાંધવામાં વપરાઈ. છતાં આશાવલ અમદાવાદ શહેરના એક સમૃધ્ધ પરા તરીકે જમાલપુર દરવાજાને અડોઅડ અઢારમી સદીમાં છેક પેશ્વાઇ સુધી આબાદ હતું. ભદ્રના કિલ્લાનો પાયો, જેમણે એક પણ દિવસ પાડ્યા વગર પાંચે વખતની નિમાઝ પઢી હોય અને પવિત્ર જીવન ગાળ્યું હોય એવા ચાર અહમદે નાખ્યો. એમાંનો એક બાદશાહ અહમદશાહ પોતે હતો. બીજા સરખેજના સુપ્રસિધ્ધ સંતશિરોમણિઅહમદ ખટ્ટુ ગજબક્ષ હતા. ત્રીજા મલિક અહમદ હતા, જેમની કબર કાલુપુર પાસે પઠાણવાડામાં છે, અને ચોથા કાજી અહમદ હતા. એમની કબર પાટણમાં છે. આ કાજી અહમદના વંશમાં અમદાવાદના સુપ્રસિધ્ધ શહેરી સર મહેખૂબમિયાંને સરદાર શમ્સુદ્દીન સૈયદમિયાં કાદરી થયાં. આ રીતે આ કાદરી ખાનદાન આજે અમદાવાદ જેટલું જ પ્રાચીન છે તે ઈતિહાસની દ્રષ્ટિએ રસમય વાત છે.

અહમદશાહે ભદ્રના કિલ્લાને જુમા મસ્જિદની વચ્ચે ત્રણ દરવાજા બાંધી ભદ્રના રાજગઢની આગળ, આજે જેને કારંજ કહે છે તે, મેદાને શાહ નામનું ખુલ્લું ચોગાન રમત ને લશ્કરી કવાયત માટે રાખ્યું. જુમા મસ્જિદની પૂર્વે પોતાને માટે દરગાહ અને બેગમો માટે પણ સુંદર રોજા બાંધ્યા. આ રોજાઓની આસપાસ ભવ્ય ચોક-ખુલ્લું મેદાન થયું તેનું નામ માણેકચોક રાખ્યું. આ ચોકમાં ચારેબાજુ શહેરના મુખ્ય ધંધાઓની દુકાનો થઈ, અને શહેરની વૃધ્ધિ થતી ગઇ તેમ માણેકચોકનું સ્થળ અમદાવાદનું મુખ્ય ચૌટું તથા વેપારનું કેન્દ્ર થઈ પડ્યું. સમય જતાં માણેકચોકની આસપાસ શહેરનો વિસ્તાર ખૂબ વધ્યો. અમદાવાદની નગરરચના પાટણ પ્રમાણે થઈ અને પાટણની પેઠે પોળો પણ અમદાવાદમાં વસી.

# અમદાવાદ સર્વસંગ્રહ

સંપાદક : કપિલરાય મ. મહેતા
પ્રકાશન વર્ષ: 1948

## ઈતિહાસનું વિહંગાવલોકન

ગુજરાતનું પાટનગર અમદાવાદ એની ચઢતીપડતીના અનુભવો પછી એક આધુનિક શહેરના વિકાસમાર્ગે પ્રગતિ કરી રહ્યું છે. પ્રાચીન સાબરમતીનાં વેગીલાં વહેણો અમદાવાદના કોટ-કિલ્લાને અને એનાં પરાંઓની સીમાને પાંચસો વર્ષથી પખાળતાં વહ્યાં છે. અમદાવાદ જ્યારે અમદાવાદ નહોતું ત્યારે પણ, આજથી નવસોએક વર્ષ ઉપર, જાહોજલાલ આશાપલ્લી શહેરનાં હજારો નગરજનોનાં ચરણ એણે પખાળ્યાં હતાં. કર્ણાવતીના સમૃદ્ધ નગરની વિજયપતાકાઓ ફરકતી એણે જોઈ હતી. અહમદશાહ બાદશાહના હસ્તે ભદ્રના કિલ્લાનો પાયો નંખાતો એણે જોયો હતો. અને આજે અમદાવાદ એની એક વેળાની જાહોજલાલ અને રોનકદાર સ્થિતિએ પાછું પહોંચી રહ્યું છે, અને એની બસો વર્ષ પહેલાની 8 લાખની વસ્તીસંખ્યા આજે ફરીવાર શહેરમાં વસી રહી છે. ત્યારે પણ સાબરમતીનાં નીર વિસ્તૃત અમદાવાદની વચ્ચેથી વહી રહ્યાં છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યની માંડીને વિશ્વવિભૂત મહાત્મા ગાંધીજી સુધીના અનેક મહાપુરૂષોએ અમદાવાદની ધરતીને પાનવ કરી છે. સમર્થ ઉદ્યોગવીરોએ એની ચઢતીના પાયામાં પોતાનાં સાહસ અને વ્યવસ્થાશક્તિ રેડ્યા છે. ધુરંધર પંડિતોએ કર્ણાવતી અને અમદાવાદને કીર્તિ અપાવી છે. મુસ્લિમ બાદશાહોએ અમદાવાદને શણગાર્યું અને હિંદુ ધનપતિઓએ પોતાની દોલતનો અમદાવાદને વિકાસાવવામાં ઉપયોગ કર્યો. કલાકારીગરી અને હુન્નઉદ્યોગમાં અમદાવાદે અનોખું સ્થાન મેળવ્યું હતું અને આજે પણ ગુજરાતનું પાટનગર અમદાવાદ ગુજરાતના સૌથી મોટા, સૌથી સમૃદ્ધ, અને વિકાસશીલ શહેર તરીકે પોતાની તવારીખમાં ઉજ્જવળ પાનાઓ ઉમેરી રહ્યું છે.

અમદાવાદના અને તે પહેલાંના ઈતિહાસનું વિહંગાવલોકન આ ધરતીના વિકાસશીલ સામધ્યનો ખ્યાલ આપે છે.

## પ્રાચીન આશાપલ્લી

આજે જ્યા સરદાર વલ્લભાઈ પૂલ આવેલો છે તેની દક્ષિણે આજથી નવસોએક વર્શ પર આશાપલ્લી શહેરનાં મંદિરોના ઘંટારવ ભક્તોને દેવદર્શન માટે આવાહન કરી રહેતા હતા! છ લાખ ભીલોના રાજા આશા ભીલે એ વસાવ્યું હતું. એને આશાપલ્લી કે આશાવલ કહેતા. આશાવલને કિલ્લો પણ હતો. અણહીલપાટણ અને ખંભાત બંદરની જાહોજલાલી એ સમયમાં આશાવલ ગુજરાતનું ત્રીજા નંબરનું મોટુ શહેર હતું લોકમાન્યતા એવી છે. કે હાલ જ્યા અસારવા છે ત્યા જ આશાવલ

હતું, પરંતુ એ માન્યતામાં કશી વજાદ નથી. આશાવલ અને અશાવલ અને અસારવા જુદાં હોવાનો ઘણા ઉલ્લેખો પ્રાચીન સાહિત્યમાથી મળી આવે છે. આશાવલ મોટું વેપાર કેન્દ્ર હતું. ખંભાત બદંરેથી અને ભરૂચથી અને ભરૂચથી પાટણ ઈથઈ થઈ ઉત્તર હિંદમાં જવાના ધોરી માર્ગ પર આવેલુમ હોઈ એની મહત્તા ઘણી હતી.

## કીર્તિસમૃદ્ધ કર્ણાવતી

સિદ્ધરાજના પિતા કર્ણ સોલંકીએ (ઈ.સ. 1064-94) આશા ભીલને હરાવી આશાવલ લઈ લીધુ અને એને જ કર્ણાવતી નામ આપી, કોછરવા (હાલનું કોચરબ) દેવીનું પ્રતિષ્ઠાન કરી રાજ્ય કરવા લાગ્યો. ચાર ચાર સદી સુધી કર્ણાવતીએ અખંડ સમૃદ્ધિ અને મહાત્મા ભોગવ્યા હતા. એમાં મોટી વસતી હતી, લોકો ઉધમી હતા, અને વિવિધ પ્રકારની વસ્તુઓ પેદા કરતા હતા. અનેક જૈન મંદિરો અને પ્રસાદોથી એ શોભતું હતું. દિગંબર મતના આચાર્ય શ્રી કુમુદચંદ્ર સાથે પાટણમાં ઈતિહાસપ્રસિદ્ધ વાર્તાલાપ કરનાર શ્રી દેવચંદ્રસૂરિ કર્ણાવતીમાં રહેતા. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યને સિદ્ધરાજના ઉદય મંત્રીએ આ જ શહેરમાં ઉછેર્યા હતા. કર્ણાવતી જૈન વિદ્યાનું મોટું ધામ હતું.



ગુજરાતના છેલ્લા હિંદુ રાજા કર્ણ વાઘેલા પાસેથી ઈ.સ. 1298માં અલાઉદ્દીન ખીલજીએ ગુજરાત લીધું તે પછી, એક સદી સુધી વ્યવસ્થા ને અંધેર ચાલ્યા. ચૌદમી સદીના અંતમાં દિલ્હીના બાદશાહનો ગુજરાત ખાતેનો સૂખો ઝફરખાં મુઝફ્ફરશાહ નામ ધારણ કરી સ્વતંત્ર થયો અને પાટણની ગાદી બેઠો. એના પછી એનો પૌત્ર અમદાવાદ વસાવનાર અહમદશાહ ઈ.સ 1410માં ગાદીએ

બેઠો. મુઝફ્ફરશાહને આશાવલનાં હવાપાણી બહુ ગમતાં અને મુખ્યત્વે ત્યાં જ રહેતો. અહમદશાહને પણ આશાવલ બહુ ગમતુ એટલે સરખેજનિવાસી સંત શેખ અહમદ ખટ્ટુગંજની સલાહથી આશાવલની નજીક ઉત્તરે અહમદાબાદ વિચાર કર્યો.

## અમદાવાદનું ખાતમુહૂર્ત

સંવત 1468 ના વૈશાખ સુદ 7 રવિવાર પૂષ્પ નક્ષત્રના પ્રથમ પ્રહરમાં, હી. સં 813ના ઝલ્કાદની 7 મી અને ઈ.સ.1411 ના માર્ચની 4 થી તારીખે મધ્યાહ્નની નીમાઝ જિંદગીમાં કદીય પાડી ન હોય એવા પવિત્ર ચાર અહમદો – એક બાદશાહ અહમદશાહ પોતે, બીજા શેખ અહમદ ખટ્ટુગંજ, ત્રીજા કાજી અહમદ અને ચોથા મલીક અહમદ – એમણે ભદ્રના કિલ્લાનું શાસ્ત્રવિધિ અનુસાર ખાતમુહૂર્ત કર્યું. આમ અમદાવાદના પાયામાં આશા ભીલની દીકરી સીપ્રી કે તેજા ના પ્યારની કહેવાતી દંતકથા અથવા ‘જબ કુત્તે પર સસ્સા આયા, તબ બાદશાહને શહેર બસાયા’ ની પ્રેરણા નહોતી. એ વાતો લોકોએ જોડી કાઢેલી લાગે છે. અહમદશાહ ધાર્મિક વૃત્તિવળો પવિત્ર પુરુષ હતો છતા ધર્માંધ પણ હતો. આશાવલનાં હિંદુ મંદિરોનો એણે ઉચ્છેર કર્યો છે તો પ્રસિદ્ધ જુમ્મ મસ્જિદ જેવુ સર્જન પણ કરાવ્યું છે. અમદાવાદ વસાવતાં અને શાણગારતાં મુસલમાન બાદશાહોએ અણહીલપુર પાટણનો નમુનો પોતાની નજર સમક્ષ રાખ્યા કર્યાં છે. પાટણના કિલ્લાના નામ પરથી જ અહમદસાહે પોતાના કિલ્લાને પણ ભદ્રના કિલ્લાનું નામ આપ્યું છે.

